

# Gyan Amrit
# જ્ઞાનામૃત

January 2026 - Issue 01
Retail Price 15/-


















પેટલાદ સેવાકેન્દ્રના ગોલ્ડન જ્યુબીલી પ્રસંગે બ્ર.કુ. આશાબેન, રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. પૂર્ણિમાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ભગવતીબેન તથા અન્ય મહાનુભાવો.




સુખશાંતિ ભવનમાં 'નેશનલ પ્રેસ ડે'ની ઉજવણીમાં બ્ર.કુ. નેહાબેન, મધુબન ન્યુઝના તંત્રી બ્ર.કુ. કોમલભાઈ, ન્યુઝ પેપર સંગઠનના પ્રમુખ શંકરભાઈ, મંત્રી રાજુભાઈ, TOIના રીપોટર અનીલભાઈ, બ્ર.કુ. ડૉ. નંદિનીબેન.



અમરેલી સેવાકેન્દ્રમાં પધારેલ નવનિયુક્ત ઉર્જા, પેટ્રોકેમિકલ્સ અને કાયદા મંત્રી ભ્રાતા કૌશિકભાઈ વેકરીયાનું સન્માન કર્યા બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ગીતાબેન તથા અન્ય મહાનુભાવો.



વડોદરા અલકાપુરીમાં 'બિલીયન મિનિટ ઑફ પીસ અપીલ'ના શાંતિરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા પોલીસ કમિશનર નરસિમ્હા તોમર IPS, કૉરપોરેટર રીટાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.



પાટણમાં આયોજીત 'સંસ્કાર પરિવર્તનથી સંસાર પરિવર્તન' કાર્યક્રમનું ઉદ્દઘાટન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, MLA ડૉ. કિરીટભાઈ પટેલ, હુડકોના ડાયરેક્ટર ભ્રાતા કે.સી. પટેલ, જીલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ મોહનભાઈ પટેલ, બ્ર.કુ. નિલમબેન તથા સભામાં મહાનુભાવો.



અમદાવાદ ઈન્ડીયા કોલોનીમાં આયોજીત 'શ્રેષ્ઠ વિચાર, મધુર વ્યવહાર સુખમય સંસાર' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, MLA ભગિની કંચનબેન રાદડીયા, MLA ભ્રાતા દિનેશભાઈ કુશવાહ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ભાનુબેન, બ્ર.કુ. બાબુભાઈ તથા વિશાળ શ્રોતાગણ.

Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ જાન્યુઆરી - ૨૦૨૬ અંક : ૦૧

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**

## અમૃતસૂચિ


- બ્રહ્માબાબાના અવ્યક્ત ફરિશ્તા બનવાનો ......તંત્રી સ્થાનેથી ..04
- કોઈપણ વાત હોય પણ મૂડ ................દાદી હૃદયમોહિનીજી ..07
- બ્રહ્માબાબાને કેમ ઓળખી શક્યા નહીં. ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..08
- અંતર્મુખતાનું અંતર જગત .......................બ્ર.કુ. જૂનાગઢ ..11
- આપણા સંકલ્પો જ આપણા ડોક્ટર છે. .....બ્ર.કુ. શિવાનીબેન ..12
- સાયલેન્સ એક પાવરફુલ મેડીસીન .............બ્ર.કુ. ઉષાબેન ..13
- રાજયોગી બ્ર.કુ. બ્રિજમોહનજી ......................બ્ર.કુ. હેમંત ..14
- બેહદના વૈરાગ્યની ચૈતન્યમૂર્તિ .............બ્ર.કુ. વિવેકાનંદ ..20
- કોણ છે આ - પ્રપિતામહ બ્રહ્મા ...................બ્ર.કુ. જગદીશ ..24
- ભગવાને મારી જીવનનૈયા પાર લગાવી ......બ્ર.કુ. દલપતભાઈ ..26
- પ્રસંગ પરિમલ ............................................. ..28
- ચિંતનિકા.................................................... ..30
- યોગ અનુભવનો વિષય છે. ........................બ્ર.કુ. અનુજ ..31
- સુખી જીવન માટેના ઉપાય ........................બ્ર.કુ. મધુબેન ..32
- સંગમ ..............................................બ્ર.કુ. જૂનાગઢ ..33
- સંગમયુગ શબ્દાવલી ...................................... ..34


**2026ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 **M. 99798 99104**

**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**

**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાશે. જાન્યુઆરીથી બધા અંક તેમને મળશે. મેમ્બર બનવા માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી. થી લવાજમ ભરી શકાશે. Gpay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# બ્રહ્માબાબાના અવ્યક્ત ફરિશ્તા બનવાનો પુરુષાર્થ

સ્મૃતિદિવસ અર્થાત્ પ્રજાપિતા બ્રહ્માનો અવ્યક્ત દિવસ. ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના દિવસે પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ સંપૂર્ણ કર્માતીત સ્થિતિ પ્રાપ્ત કરી અને અવ્યક્ત વતનવાસી બન્યા. આજે પણ પિતાશ્રી બ્રહ્માબાબાનાં દિવ્યજીવન વૃતાંતની સૌરભ દેશ-વિદેશોમાં ફેલાઈ ચૂકી છે. જે અનેક આત્માઓને દિવ્ય અલૌકિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. બ્રહ્માબાબા વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. આમ છતાં સાગરને ગાગરમાં સમાવી બ્રહ્માબાબાના દિવ્ય અલૌકિક પુરુષાર્થને અક્ષરદેહ આપવા નમ્ર પ્રયાસ કર્યો છે. બાબાના જીવનમાં નીચેની વિશેષતાઓ અગ્રસ્થાને છે.

### સંપૂર્ણ નિશ્ચય અને દૃઢ મનોબળ

બ્રહ્માબાબાને બનારસમાં દિવ્ય સાક્ષાત્કારો થયા ત્યારે તેમની વય ૬૦ વર્ષની હતી. હીરાઝવેરાતના વ્યવસાયમાં અર્થ અને યશની પ્રાપ્તિ શિરમોર હતી. આવા સમયે એમને સાક્ષાત્કારોમાં અને પરમાત્માએ સોંપેલા સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં સંપૂર્ણ નિશ્ચય હતો. એની સાથે સાથે માનસપટમાં જે દિવ્યચિત્રો આકાર લઈ રહ્યાં હતાં તેને સાકાર કરવા માટે દૃઢ મનોબળ હતું. ૬૦ વર્ષની વય એટલે જીવન સંધ્યાનું સ્વાગત કરવાની વેળા. આમ છતાં બ્રહ્માબાબાએ ૬૦ થી ૯૩ વર્ષની વચ્ચેના ૩૩ વર્ષોમાં જે કાર્ય કર્યું, ફરિશ્તા બની સંપૂર્ણ કર્માતીત બનવાનો જે પુરુષાર્થ કર્યો તે વિશ્વ ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ ચૂકેલ છે. આટલું ભવ્ય, ઉન્નત, ઊર્ધ્વગામી પ્રદાન બ્રહ્માબાબા સમાન કોઈએ કર્યું નથી.

### બેહદની ભાવના

પરમાત્મા શિવે જ્યારે બાબાના મરજીવા જન્મનું નામ પ્રજાપિતા બ્રહ્મા આપ્યું ત્યારથી જ બ્રહ્માબાબાનાં મન, વાણી અને કર્મમાં એકરૂપતા જોવા મળી. અલૌકિક પિતા તરીકે વિશ્વના સર્વ આત્માઓ પ્રત્યે પ્રાણીઓ સુધ્ધા પ્રત્યે તેમણે પિતાના વાત્સલ્યની અમીધારાનાં દર્શન કરાવ્યાં. સૌને બચ્ચે બચ્ચે કરી નિર્મળ સ્નેહમાં ભીંજવતા રહ્યા. એમની દૃષ્ટિમાં જે બેહદની ભાવના હતી તેના ફળ સ્વરૂપે વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર બની. દેશ-વિદેશોમાં બ્રહ્માવત્સો વચ્ચે આજે દૈવી પરિવારના રુહાની સ્નેહની કડી જોડાઈ છે તેના પાયામાં બ્રહ્માબાબાની બેહદની ભાવના છે. જે દેહ નહીં પણ આત્માને જ કેન્દ્રસ્થાને રાખે છે. આજે ઘણાં મઠ, પંથ, સંપ્રદાયોમાં વારસાગત ગાદીપતિની પરંપરા જીવંત છે. ત્યારે જ્ઞાન, ગુણ અને યોગ્યતાના આધારે એમણે દાદી પ્રકાશમણિજીના કરકમલોમાં સંસ્થાનું સુકાન સોંપ્યું - તે કેટલું મહાન, અજોડ અને અધ્યાત્મ ઇતિહાસમાં ઉલ્લેખનીય પ્રદાન છે, તેની પ્રતીતિ સૌને થાય છે.

### સંપૂર્ણ સમર્પણ

દિવ્ય સાક્ષાત્કારો પછી પરમાત્માએ સોંપેલા કાર્યના પોતાનાથી જ શ્રી ગણેશ કરી, વિશ્વ સમક્ષ ઉત્તમ ઉદાહરણ રૂપે તેમણે ત્યાગનું ગૌરવ વધાર્યું. બ્રહ્માબાબાએ તન, મન, ધન, સ્થાવર મિલ્કત, પોતાના પરિવારસહિત સર્વસ્વ સમર્પણ કર્યું. બુદ્ધના ત્યાગને જો મહાભિનિષ્ક્રમણ નામ આપવામાં આવ્યું હોય તો બ્રહ્માબાબાના સંપૂર્ણ સમર્પણને મૂલવવા શબ્દકોશમાં કોઈ શબ્દ જ નથી. તેથી બ્રહ્માબાબાએ જે રીતે, જેટલું અને જેવું સમર્પણ કર્યું તેવું આજ સુધી કોઈ કરી શક્યું નથી. સમર્પણની સાથે સતત યજ્ઞના વિકાસ માટે એમણે

જે ભોગ આપ્યો છે તેનો વિશ્વના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી.

## શ્રેષ્ઠ મૂલ્યો સભર જીવન

બ્રહ્માબાબા પુરુષોમાં ઉત્તમ પુરુષ તરીકે જીવ્યા. બાબાનું વ્યક્તિત્વ એટલું ચુંબકીય હતું કે સૌ બ્રહ્માવત્સોને લાગતું કે બાબા મારા છે. તેમણે રુહાની વિધિ દ્વારા યજ્ઞની વૃદ્ધિ કરાવી. દેહના સંબંધો ભૂલાવી ઉડતા રહેવાનું શીખવ્યું. સમસ્યાઓ, વ્યર્થ સંકલ્પોને પાણીમાં પડેલી રેખાની જેમ પાર કરવાનું શીખવ્યું. આત્માઓમાં શુભભાવના, શુભકામનાઓનો ભરપૂર સ્ટોક ભર્યો. નિમિત્ત આત્માઓને આધારસ્વરૂપ આત્મા બનાવી નવા ઊંચા શ્રેષ્ઠ સંકલ્પો કરતાં શીખવ્યું. બાબા કહેતા, થોડું વિચારો, સમર્થ સંકલ્પ કરો, ખુશીના વિચારો કરો. બાબાએ બેહદની કામના, બેહદની વૈરાગ્યવૃત્તિ રાખી અને વ્યક્તભાવ તથા વૈભવોના ભાવના આકર્ષણથી દૂર રહ્યા. રાજઋષિ બની યોગ દ્વારા કર્મભોગ ઉપર વિજય મેળવ્યો. સદા પ્રસન્નચિત્ત રહ્યા. તેમણે મનનશક્તિ અને જ્ઞાનની ગહનતાની અનુભૂતિ કરાવી. સહજયોગીની સાથે સાથે કર્મયોગી બન્યા. વિશ્વકલ્યાણકારી બની દરેક આત્મા અને પ્રકૃતિ પ્રત્યે પણ શુભભાવના રાખી. તેમની વાણીમાં એટલી શક્તિ હતી કે ઉદાસ આત્મા પણ એમને મળતાં જ પ્રસન્નતાની અનુભૂતિ કરતો. એમના બોલ ઓથોરિટીયુક્ત હતા. ગતિ, સદ્ગતિનો રાહ ચીંધી એકરસ, સૂર્ય સમાન ચમકતા રહેવાનો પુરુષાર્થ સ્વયં કર્યો અને બ્રહ્માવત્સોને કરાવડાવ્યો. બાબાએ પરોપકારી બની નામ, માન, શાનનો ત્યાગ કર્યો એટલું જ નહીં પણ બાબા કહેતા 'ગાલી દેનેવાલે કો ભી ગલે સે લગાઓ.' આમ હોપલેસ આત્મામાં પણ હોપ (આશા) જગાવવાનું કાર્ય તેમણે કર્યું. બાબાએ દરેકની વિશેષતાઓ જોવાનું શીખવ્યું. બાબા કહેતા 'ધરતપરિયે, ધર્મ ન છોડિયે' આમ તેઓ સ્વયં સૌ માટે એક આદર્શ બની રહ્યા.

બાબાએ યજ્ઞવત્સોની એટલી ગહન પાલના કરી છે કે આજે પણ બાબાની પાલના લેનાર દાદીઓ, ભાઈઓ બાબાની શ્રીમત પર યથાર્થ રીતે ચાલી રહ્યા છે. અને અનેક આત્માઓ માટે પ્રેરણારૂપ બની રહ્યાં છે. બાબાએ પ્લેન અને પ્રેક્ટિકલને સમાન બનાવવાની તાલીમ આપી. બાબાએ સેમ્પલ બનવાનો આદર્શ આપ્યો અને શીખવ્યું કે 'જો કર્મ મૈં કરુંગા મુઝે દેખ સબ કરેંગે'. આમ સ્વમાન આપવામાં બાળકોને આગળ રાખ્યાં. બાબાએ સ્નેહ અને શક્તિનું બેલેન્સ રાખી ગમે તેવા કમજોર, નબળા આત્માઓ પ્રત્યે પણ સદા પરિવર્તનની શુભભાવના રાખી. બાબાનું જીવન સર્વ-દિવ્યગુણોના ગુલદસ્તાથી મહેંકતું હતું. દેવીદેવતા માટે યોગ્યતાના જે માપદંડો છે તે બ્રહ્માબાબાના જીવનમાં દૃશ્યમાન થતા હતા. બાબાએ નારી શક્તિની દિવ્યતા ઓળખી તેને ગૌરવવંતુ સ્થાન આપ્યું.

## ફરિસ્તા સ્વરૂપ

યજ્ઞના વિકાસની સાથે સાથે બાબાના આંતરિક વ્યક્તિત્વનો પણ સદા વિકાસ થતો રહ્યો. તેનો ગ્રાફ ઊંચેને ઊંચે જવા લાગ્યો. ફરિશ્તા સ્વરૂપના ગુણો બાબાના જીવનમાં સૌ અનુભવવા લાગ્યાં. બાબા હદના સંબંધોથી દૂર રહ્યા. સર્વ હદોને પાર કરી સતત ઉપરામ અવસ્થામાં રહેવા લાગ્યા. ઉડતા પંખી સમાન બની રહ્યા. તેઓ ગુણ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ, યાદ સ્વરૂપની શ્રેષ્ઠ અવસ્થાએ પહોંચી ગયા. એમના મસ્તકમાં સૌ બ્રહ્માવસ્તો ચમકતી લાઈટનો અનુભવ કરવા લાગ્યા. 'એક બાપ દૂસરા ન કોઈ' એ એમનું જીવનધ્યેય રહ્યું. બુદ્ધિરૂપી વિમાનમાં બેસી વતનમાં ઉડવાનો સતત પુરુષાર્થ

કરતા રહ્યા. બાબાના ઓરડામાં યા ઝૂંપડીમાં બાબા આજ સ્થિતિમાં જોવા મળતા. આત્માસ્વરૂપનો અને શિવપિતા સાથે સર્વસંબંધોની અનુભૂતિનો નશો બ્રહ્માબાબામાં જોવા મળતો. હમણાં હમણાં શરીરમાં આવવું અને હમણાં હમણાં શરીરથી ન્યારા બનવું. એ સ્વાભાવિક ક્રમ બની રહ્યો. કન્ટ્રોલીંગ પાવર અને સમેટવાની શક્તિ ઉચ્ચ સ્વરૂપમાં જોવા મળતી. સ્વયં તો બેદાગ હીરા બન્યા પણ બ્રહ્માવત્સોને પરદર્શન, પરચિંતનથી મુક્ત બનવા પ્રેરિત કર્યા. મનસા સેવા દ્વારા વિશ્વના ખૂણે ખૂણામાં યોગનાં આંદોલનો વહેતા કર્યાં. જેનું પરિણામ આજે જોવા મળે છે. બાબાનું દરેક કર્મ ચરિત્ર સમાન ગાયન યોગ્ય બન્યું. - બાબા ડબલ લાઈટ સ્વરૂપમાં દૃશ્યમાન હતા. ફરિસ્તા અર્થાત્ વિકારી દુનિયાના વિકારી વાતાવરણ, વાયબ્રેશન્સ, વિકારી સ્વભાવ, સંસ્કાર, વિકારી દૃષ્ટિ યા વૃત્તિથી પરે રહ્યા. સારવાર દરમ્યાન હોસ્પિટલના વાતાવરણને યોગયુક્ત, રુહાનિયતપૂર્ણ બનાવી દીધું. બ્રહ્માબાબાના બોલ ફરિશ્તાના બોલ હતા. થોડા અને મધુર બોલ હતા.

બાબા નષ્ટોમોહા સ્મૃતિસ્વરૂપની અવસ્થામાં જોવા મળતા. યજ્ઞનો વિકાસ, બ્રહ્માવત્સોનો સ્નેહ આ બધું હોવા છતાં અવસ્થા ઉપરામ, યોગયુક્ત જોવા મળતી. સર્વ હિસાબ કિતાબ ચુક્તે કરી કર્માતીત અવસ્થા તરફ બ્રહ્માબાબાનો પુરુષાર્થ આગળ વધી રહ્યો હતો. સર્વ આત્માઓ પ્રત્યે બાબાને રહેમ અને કલ્યાણની ભાવના હતી. બાબા જીવનના છેલ્લા શ્વાસ સુધી સ્વઉન્નતિ અને સર્વની ઉન્નતિમાં કાર્યરત રહ્યા. બ્રહ્માવત્સોના પત્રોના ઉત્તરો પણ આપતા રહ્યા. છેલ્લી ઘડી સુધી રુહાની ટીચરનો રોલ અદા કરી મુરલી ચલાવી. બાબાએ વાણીમાં જ ભાવિ સંકેતો આપી દીધા હતા. નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી સ્થિતિમાં સ્થિત થઈ વિશ્વને સ્થૂળરૂપે અલવિદા કરી.

આજે પણ બ્રહ્માબાબા અવ્યક્ત સ્વરૂપે વિશ્વસેવા કરી રહ્યા છે. શિવબાપ સમાન સ્થિતિ હોવાને કારણે અનેક બ્રહ્માવત્સોને અનુભૂતિ કરાવી વિશ્વ નવનિર્માણના કાર્યમાં જોડી રહ્યા છે. બ્રહ્માવત્સોની તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થની અભીપ્સા રાખી નવી દુનિયાનાં દ્વાર ખોલવાનું આહ્વાન આપી રહ્યા છે.

**॥ ૐ શાંતિ ॥**

**બ્ર.કુ. કાલિદાસ**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)... સાયલેન્સ એક** ગુણ છે એ ગુણોના સ્વરૂપ બની જવું અને એક એક ગુણની અનુભૂતિમાં મનને લઈ જાઓ. એટલે કહેવાય છે કે અશરીરીપણું એ ફાઈનલ સ્ટેજ છે. પ્રથમ જ્યાં સુધી આપણે એ આત્મઅભિમાની સ્થિતિનો અભ્યાસ કર્યો નથી ત્યાં સુધી અશરીરી બનવું ઘણું મુશ્કેલ છે. કારણ કે વારંવાર દેહ અભિમાન આપણને ખેંચે છે. નીચે લઈ આવે છે. કર્મયોગી જીવન હોવાને કારણે કર્મ તો છોડવાનાં નથી. બ્રહ્માબાબાએ અંત સુધી કર્મ કર્યાં. (અંતિમ સમય સુધી મુરલી સંભળાવી) એ રીતે આપણે કોઈ સેવા છોડવાની નથી. ના કર્મ છોડવાનાં છે. પણ દરેક કર્મ કરતાં અશરીરી સ્થિતિનો અભ્યાસ કરવાનો છે. એના માટે આત્મઅભિમાની સ્થિતિમાં સ્થિત થઈ જાઓ એને કહીશું સાયલેન્સ.

જ્યારે બાહ્ય કર્મેન્દ્રિયોને સમેટીને અંતર્મુખી બની ગયા, અંદર ચાલ્યા ગયા અને અંદર જઈને આનંદનો અનુભવ કર્યો. એનું ફાઈનલ રીઝલ્ટ છે યોગમાં અતીન્દ્રિય સુખની તથા આનંદની અનુભૂતિ થવી. બહારની કોઈ ચીજ વિચલિત કરી ના શકે તે છે સાયલેન્સ. **॥ઓમશાંતિ ॥**

# કોઈ પણ વાત હોય પણ મૂડ ઓફ ન બનીએ

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



પાંડવભવનની આ પાંડવ સેના છે. પાંડવોમાં ભાઈઓ પણ છે અને બહેનો પણ છે. પાંડવભવનની વિશેષતા ચારે તરફ ફેલાયેલી છે. તો પાંડવભવનમાં આવવું એટલે ચાર ધામની પરિક્રમા કરવી. જે ચારે ધામ પૂરાં કરે છે તેને માટે કહેવાય છે. આમની યાત્રા સફળ થઈ. તો પાંડવભવનમાં આવવાથી ચાર ધામની યાત્રા થઈ જાય છે. તો કેટલું ભાગ્ય બાબાએ બાળકો માટે બનાવ્યું છે. આપણને ખબર પણ નહોતી કે ડ્રામામાં આપણું એવું ભાગ્ય હશે. અને તે પણ કેટલું સહજ ભાગ્ય બનાવ્યું. ભક્તિમાં તો કેટલી મહેનત કરવી પડે છે. એક છે પહેલાં સ્વયંને આત્મા સમજીને બાપને યાદ કરો. બીજી વાત સેવા કરો. કારણ કે સેવાનો મેવો આપણા 21 જન્મ સુધી ચાલે છે. એવું કોઈ હશે જે 21 જન્મની ગેરંટી આપે. કે રાજ્યભાગ્ય, સુખશાંતિ સર્વ આપને પ્રાપ્ત થશે. આ ભગવાન સિવાય કોઈ ગેરંટી આપી શકે નહીં. આવો બાબા શબ્દ મનમાં આવી ગયો તો બાબા કહેવું અને ખુશીના ખજાનાનો અનુભવ કરવો.

આપણા બાબા કોણ છે? જેને સૌ મેળવવા ઈચ્છે છે. પરંતુ આપણે તો મેળવી લીધા. જેનાથી દુનિયાવાળા પણ આશ્ચર્યચકિત થઈ જાય છે કે એમને ભગવાન મળ્યા. ભગવાન આપણને ભણાવી રહ્યા છે. ભગવાનની શ્રીમત પર અમે ચાલી રહ્યા છીએ.

ભગવાન અમારા બાપ છે. જેવી રીતે સર્વ સંબંધોની પ્રાપ્તિનો આધાર બાપ અને બાળક (પુત્ર)નો હોય છે. કારણ કે બાપને વારસો આપવાનો છે. બાળક સંપૂર્ણ વારસાનો માલિક છે.

બાપ અને બાળકના સંબંધમાં વારસો શું છે. તે તો આપણે સૌ જાણીએ છીએ. એક જન્મમાં 21 જન્મનું અખૂટ રાજ્ય. આ સ્વપ્નમાં પણ નહોતું. પરંતુ હવે તો આપણે અધિકારી સમજીએ છીએ, તેથી તો દરેક કહે છે અમારા બાબા, મારા બાબા. હવે મારું કદી ભૂલાઈ જતું નથી. પરંતુ ક્યાંક કોઈ ભૂલ કરે છે એ સમયે કોઈ એવી પરીક્ષા સામે આવે છે કે એ સમયે સહનશક્તિના અભાવને કારણે ડગમગ થઈ જવાય છે. આવા સમયે માયા ચતુર બનીને એકલા બનાવી દે છે. એટલે બાબા કહે છે કે મેં આવા સમય માટે આપને કમ્બાઈન્ડ બનાવ્યા છે. આપમાં કોઈ શક્તિ ઓછી છે પણ બાબામાં તો છે ને. એ સમયે કમ્બાઈન્ડનો ફાયદો લેવો જોઈએ.

કેમ, શા માટે, કોણ, ક્યારે કઈ રીતે આ પાંચ શબ્દોને જો આપ યોગ્ય રીતે યુઝ કરો તો આપ દરેક ભાષણ કરનાર બની શકો છો. માયા પણ આ શબ્દોમાં આવે છે. એટલે બાબા કહે છે કે ક્યા સ્વરૂપમાં આ શબ્દ યુઝ કરીએ છીએ યા કામમાં લાવીએ છીએ. તેનું ધ્યાન રાખો.

બાબા તો કહે છે તમારો ચહેરો સદા ખીલેલો હોવો જોઈએ. બાબા આપણો થોડો પણ ન ખીલેલો ચહેરો જોઈ શકતા નથી. બાબા કહેતા હતા જેનો મૂડ ઓફ છે તે મૂઢમતિ છે. સંતુષ્ટતાનો ખજાનો સર્વ ખજાનાઓને પોતાની તરફ આકર્ષિત કરે છે. કારણ કે સંતુષ્ટ આત્મા જેવો સમય હોય છે. તેવો મૂડ બનાવી લે છે. ગમે તે થઈ ગયું હોય, કોઈપણ વાત આવી ગઈ હોય પણ મનમાં સમાવવી નહીં.

॥ ઓમશાંતિ ॥

# દિવ્યગુણોથી ભરપૂર હોવા છતાં પણ લોકો
# બ્રહ્માબાબાને કેમ ઓળખી શક્યા નહીં ?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



૧૮, જાન્યુઆરીએ અવ્યક્ત થનાર બ્રહ્માબાબા અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા હતા. આ અદ્‌ભુત અલૌકિક વ્યક્તિત્વ એવું હતું કે જેનો જોટો દુનિયામાં જડે તેમ નથી. એમના સ્મૃતિ દિવસના સંદર્ભમાં હું કેટલાંક ઉદાહરણો આપીશ.

### કથની અને કરણીમાં તથા સિદ્ધાંત અને વ્યવહારમાં એકતા

મોટે ભાગે એ જોવા મળે છે કે દરેક વ્યક્તિની કથની અને કરણીમાં કંઈક તો જુદાપણું જોવા મળે છે. મનુષ્યના જેવા વિચારો હોય છે તેને તે પૂર્ણ રીતે વ્યવહારિક જીવનમાં લાવી શકતો નથી. એ માટે તે કોઈને કોઈ પરિસ્થિતિઓને દોષ આપે છે. અથવા તો કોઈ વ્યક્તિઓને દોષિત ગણશે કે તેઓએ અમુક સદ્‌ગુણ ધારણ કરવામાં અડચણો ઊભી કરી. વાસ્તવમાં તો દોષ એના પોતાના અલબેલાપણાનો, ઉતાવળનો યા નિર્બળ સંકલ્પનો જ હોય છે. પરંતુ તે પોતાને મન, વાણી, કર્મથી એક સમાન સિદ્ધ કરવામાં બહાનાઓ શોધે છે. તો આપણે જોઈશું કે એમણે દરેક માન્યતાને સાકારરૂપ આપવામાં કોઈ ખામી નબળાઈની વાત કરી નહીં, પણ વિઘ્ન વિનાશક બનીને તેઓ સદા આંતર બાહ્ય સરળતા, સદ્‌ભાવના અને સદ્‌વ્યવહારના મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા. તેઓ દિવ્યગુણ ધારણ કરવાનો માત્ર ઉપદેશ જ આપતા નહોતા. પણ આ ઉદ્દેશ્યને નજર સામે રાખીને આપણી સમક્ષ તેઓ દિવ્યગુણોની પ્રેરણામૂર્તિ પણ બન્યા. એમણે કહ્યું કે ક્રોધ ના કરો, મોહને ત્યાગો, નમ્રચિત્ત બનો, લોભવૃત્તિથી મુક્તિ મેળવીને સંતુષ્ટમણિ તથા ત્યાગમૂર્ત બનો, તો એમણે સ્વયં પણ એવા દિવ્યગુણો યુક્ત વ્યવહાર કરી બતાવ્યો. કોઈ સારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પણ એમણે લોભ ના કર્યો. પોતાના નિકટતમ સંબંધીઓની સાથે રહેવા છતાં પણ તેઓ નિર્મોહી બની રહ્યા અને એમની સાથે પણ બીજાઓ સાથે કરતા હોય તેવો 'ન્યારા અને પ્યારા' સૂત્ર અનુસાર વ્યવહાર કર્યો.

બીજી વિશેષ વાત એ છે કે બ્રહ્માબાબાએ કહ્યું કે 'માગવા કરતા મરવું સારું' એમના પોતાના સાકાર જીવનકાળ દરમ્યાન કેટલીયે વાર કપરી આર્થિક મુસીબતો આવી પણ એમણે કદી કોઈની પાસે મદદ મેળવવા હાથ લંબાવ્યો નહીં. એમણે સ્વયંને ઝીરો (Zero=0)શૂન્ય સમજી અને પોતાને બેગર (Beggar-ભીખારી) પણ ગણ્યા પરંતુ કદી કોઈની સામે ફરિયાદ ના કરી. કોઈની પાસે કંઈ માગ્યું નહીં.

### દિવ્યગુણોના ભંડાર

બ્રહ્માબાબાના જીવનમાંથી સર્વના કલ્યાણની ભાવના સ્પષ્ટ રીતે વ્યક્ત થતી હતી. એમની પવિત્રતા અતૂટ હતી, સાધના અખંડ હતી. શુભભાવના, શુભકામના નિત્ય-નિરંતર હતી. આત્મા નિશ્ચયની સ્થિતિ અચલ અને અડોલાયમાન હતી. મિત્રતા અભંગ હતી. પ્રેરણા સતત અને સદાકાલીન હતી. એમના શબ્દો માત્ર ઓજસ્વી જ નહીં અટલ હતા. કારણ કે તેઓ

સત્ય પર અડગ રીતે વળગી રહેતા હતા. તેઓ એટલા નિર્ભય હતા કે સમગ્ર સંસારનો સામનો કરવા માટે સદા તૈયાર હતા. એક શિવબાબા અને પવિત્રતા પર સ્થિર રહેવાની એમનામાં વિશેષ યોગ્યતા હતી. એમનાં શીતળ અંગ જેમને સ્પર્શતાં તે આત્મા ભલે ગમે તેટલો પતિત કેમ ન હોય, કામ, ક્રોધના અગ્નિથી થોડા સમય માટે તો તે શીતળ થઈ જતો હતો.

બ્રહ્માબાબાની યોગ સાધના એટલી ઉચ્ચ કોટિની હતી કે તેઓ યોગીજનોમાં મુકુટમણિ હતા. એમની સમીપતાથી જ સાધકને વિદેહી અવસ્થાની અનુભૂતિ થતી હતી. એમના યોગમાં જ્ઞાનની પરાકાષ્ઠા, દૈવી ગુણોની વિશાળતા, મનની ઉદારતા, પવિત્રતાની અખંડતા, પ્રભુપ્રેમની પ્રબળતા, ત્યાગની વૃત્તિનું સ્થાયી વિદ્યમાનપણું, કર્મ અને વ્યવહારની શ્રેષ્ઠતા, ભાવોની ઉચ્ચતા, સંસાર પ્રત્યેની ઉપરામતા તથા સંકલ્પની દૃઢતા અને એકાગ્રતાનો ભવ્યતમ સમાવેશ થતો હતો. તેઓ શિવબાબાની મહિમાનું વર્ણન કરતાં ભાવ વિભોર થઈ જતા હતા. તેઓ લોક કલ્યાણ નિમિત્ત કર્મો માટે અથક રીતે વ્યસ્ત રહેતા હતા. તેઓ સર્વને નિઃસ્વાર્થ સ્નેહ આપતા હતા. સદા સર્વ માટે શુભભાવના અને શુભકામના રાખતા હતા. સર્વ પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપતા હતા અને એમનું પથ પ્રદર્શન કરતા હતા.

## લોકો એમને કેમ ઓળખી શક્યા નહીં ?

સંસારમાં અધિકતર લોકોએ પોતાના સમયની મહાન વ્યક્તિઓને ઓળખી નથી. એમણે એમના સંદેશને સાંભળ્યો નહીં અથવા એની તરફ ધ્યાન આપ્યું નહીં. એમણે ઈશુ ખ્રિસ્તને શૂળીએ ચઢાવ્યા, બુદ્ધનો વિરોધ કર્યો, મહમ્મદ પેગંબરની વિરુદ્ધ લડાઈ કરી. અષો જરથુષ્ટ ઉપર પણ અત્યાચાર કર્યા આ રીતે અનેક સંતોને કષ્ટ આપ્યું છે. એનું એક કારણ સદા એ રહ્યું કે એ સમયે જે પ્રચલિત મત મતાંતરો હતા તથા જે શાસ્ત્ર અને ગ્રંથ હતા અને પ્રચારક તથા પુજારી હતા. એમણે લોકોને ભડકાવ્યા કે આ વ્યક્તિ નવી વાતો જણાવે છે. એ વાતોનો પુસ્તકો સાથે કોઈ મેળ ખાતો નથી. એ રીતે બ્રહ્માબાબાએ જ્યારે શિવબાબાના આ મહાસંદેશનું નગારું વગાડ્યું કે 'આ ધર્મગ્લાનિનો સમય છે, હવે પાંચ વિકારોએ સૃષ્ટિને નરક બનાવી દીધી છે, હવે તેને છોડો.' તો પંડાઓ, પુરોહિતો, પુજારીઓ અને પંડિતોની વકીલાત કરતાં લોકોને ઉશ્કેરવાનું શરૂ કર્યું. સ્વયં શાસ્ત્રોની લખેલી વાતો મુજબ તો તેઓ આચરણ કરી શક્યા નહીં અને ઈર્ષ્યા તથા દ્વેષને વશીભૂત થઈને એમણે પોતાના પિતામહ બ્રહ્માનો પણ વિરોધ કર્યો. સાધારણ તનમાં અવતરિત થયેલા શિવબાબાને ન ઓળખી શકવાને કારણે તથા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માને ન જાણવાને કારણે એમણે વિરોધો, તોફાનો શરૂ કર્યા.

તેઓ માની બેઠેલા કે બ્રહ્મા ચાર મુખવાળા યા ઓછામાં ઓછા ત્રણ મુખવાળા જ હોય છે. તેથી હવે જ્યારે એમણે જોયું કે આ તો એક મુખવાળા છે, ત્યારે તેઓ વિચારમાં પડી ગયા કે આ બ્રહ્મા કઈ રીતે હોઈ શકે ? એમણે વિચાર્યું કે ધર્મગ્લાનિના સમયે તો કૃષ્ણે આવવું જોઈએ કારણ કે ગીતાજ્ઞાન આપતાં કૃષ્ણે કહ્યું હતું કે 'હું ધર્મગ્લાનિના સમયે ફરીથી આવીશ.' પરંતુ આ તો મોરમુકુટધારી, મુરલી મનોહર, કૃષ્ણ તો છે નહીં. ત્યારે એમને એમ લાગ્યું કે કૃષ્ણને બદલે શિવ કઈ રીતે આવી ગયા ? વાસ્તવમાં એમને એ ખબર નહોતી કે ગીતાજ્ઞાન શિવે જ આપ્યું હતું. એમને 'મુરલી' યા 'કૃષ્ણ' ઈત્યાદિની સાચી સમજ નહોતી. તેથી શબ્દાર્થના ચક્કરમાં પડવાથી એમનું દિમાગ ચક્કર ખાઈ ગયું. બ્રહ્માબાબાએ જ્યારે કહ્યું કે પવિત્ર બનો અને યોગી બનો, ત્યારે

એમણે વિચાર્યું કે સંપૂર્ણ પવિત્ર તો હજુ સુધી કોઈ ઋષિ મુનિ બન્યા જ નથી અને યોગ તો આસન-પ્રાણાયામ વિના થઈ જ ના શકે. તેથી એમણે વિચાર્યું કે આ ખોટી વાતો જણાવનારા બાબા છે. આ પ્રકારે જૂઠને સત્ય માનનારા લોકોએ સત્યને જૂઠ માની લીધું.

આમ છતાં બ્રહ્માબાબાએ કહ્યું કે આ સર્વ મારાં વિખૂટા પડેલાં બાળકો છે. માયાએ એમને મારાથી અલગ કરી દીધાં છે. તેઓ મને ઓળખતા નથી તો કંઈ વાંધો નહીં હું એમને ઓળખાણ આપીશ અને એમને પવિત્ર બનાવવાની હું સેવા કરીશ. એમણે એ પણ નક્કી કર્યું કે હું એમને યોગી બનાવીને જ જંપીશ. એમણે કહ્યું 'વત્સો, હું આપને સંપૂર્ણ પવિત્રતા-સુખ-શાંતિનો વારસો આપવા આવ્યો છું. તમારા પ્રત્યે મને અત્યંત પ્રેમ છે. તમને માયાની દલદલ (કીચડ)માંથી બહાર કાઢીને ગુલગુલ (ફૂલસમાન) બનાવીશ. તમને મારી ગોદમાં બેસાડીને, પાંપણો પર સવારી કરાવીને યા તમારી આંગળી પકડીને હવે હું તમને શાંતિધામ અને સુખધામ લઈ જઈશ. વત્સો, હવે તમે પવિત્ર અને યોગી બનો અને આ સર્વ (દિવ્ય) ખજાનાઓ મારી પાસેથી મેળવો.

### બાબાની મધુર અમૂલ્ય શિખામણો

મીઠાં બાળકો,

સૌથી સારો ગુણ છે શાંત રહેવું, વધારે અવાજમાં ન આવવું, મીઠું બોલવું. કારણ કે તમારે - બાળકો એ અત્યારે ટોકીમાંથી મૂવી અને મૂવીમાંથી સાયલેન્સમાં જવાનું છે. એટલે અવાજ ઓછો કરો અને ઘણા જ પ્રેમ અને નમ્રતાથી વાત કરવાની છે.

આત્મારૂપી દીપકમાં જ્ઞાન અને યોગનું ઘી દરરોજ આપતા રહેવાનું છે. જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી શીખવાનું છે. આત્મિક અભ્યાસમાં કદી થાકવાનું નથી.

તમારે કદી પણ આડી અવળી વાતો સાંભળવી પણ નહીં અને કોઈને સંભળાવવી પણ નહીં. જ્ઞાનની જ વાતો સાંભળો અને સંભળાવો.

બાપ સમાન સાક્ષી બનીને યોગબળથી પોતાના વિકર્મોનો બોજો ચુક્તે કરતા જાઓ તો વિકર્માજિત બની જશો.

તમારા જવાબદાર સ્વયં ભગવાન બાપ છે. તમે નિમિત્ત બનીને દરેક કર્મ કરતા રહો તો સદા હળવા અને બેફિકર બાદશાહ બની રહેશો.

કદી કોઈની ઘૃણા કરવી નહીં. કોઈનો તિરસ્કાર કરવો નહીં. સર્વ સાથે આત્મિક રીતે વ્યવહાર કરવાનો છે.

ગફલત કરો નહીં. સમયને ઓળખો. પોતાના અલબેલાપણાને છોડો. ઊંચું ભાગ્ય બનાવો.

રોજ લક્ષ્ય રૂપી સાબુથી આત્મારૂપી વસ્ત્રને સાફ કરો. જેવું લક્ષ્ય સામે હશે, તેવાં લક્ષણ આવશે.

જે કર્મ કરવાથી દિલ ડંખતું હોય, તે કર્મ કદી કરવાં નહીં. તમારી કથની અને કરણી સમાન હોય. મિયા મિઠ્ઠું બનવાનું નથી.

જેવું અન્ન, તેવું મન એટલે ભોજનની પણ પરેજી પાળવાની છે. તમારી ચલન, ખાનપાન સર્વ રોયલ હોવા જોઈએ. અશુદ્ધ ભોજનનો ત્યાગ કરીને સાચા વૈષ્ણવ બનવાનું છે.

તમારે અપકારીઓ ઉપર પણ ઉપકાર કરવાનો છે. દુશ્મનને પણ પોતાનો મિત્ર સમજવાનો છે. 'નિન્દા હમારી જો કરે, મિત્ર હમારા સોઈ.'

તમે હોલી હંસ છો. તમારે સર્વના ગુણ રૂપી મોતી ચણવાના છે. અવગુણ રૂપી કાંકરા નહીં.

સંગની પણ ઘણી જ સભાનતા રાખવાની છે. એક સંગ તારે છે, અને બીજો ડૂબાડે છે. એટલે કે કુસંગથી સદા મુક્ત રહો.

પોતાના સંસ્કારોને સંપૂર્ણ પાવન બનાવવા માટે દેહ સહિત દેહના સર્વ સંબંધોને ભૂલીને પોતાને આત્મા સમજી એક નિરાકાર પરમપિતા શિવને જ યાદ કરો.

ઈચ્છાઓના દાસ નહીં બનો પણ ઈચ્છાઓને સમાપ્ત કરી માયાના દગાથી બચો. ઈચ્છા માત્રમ્ અવિદ્યા બનો.

અમૃતવેળાએ ઉઠીને બાબાને શ્વાસો શ્વાસ યાદ કરો. પોતાના અમૂલ્ય સમયને સફળ કરો.

તમે સાચા સાચા ખુદાઈ ખિદમતગાર છો. તમારે સદા સેવામાં તત્પર રહેવાનું છે. કદી પણ થાકવાનું નથી.

તમારે સર્વ પ્રત્યે શુભભાવના રાખી, રહેમદિલ બની બીજાઓનું કલ્યાણ કરવાનું છે. સર્વને સાચુ સ્વમાન આપવાનું છે.

તમારે દરરોજ પુણ્યનું કામ કરવાનું છે. સૌથી મોટામાં મોટું પુણ્ય છે બીજાઓને પરમાત્મા શિવની યાદ અપાવવી, પવિત્ર જીવન જીવવું તે.

દાનનું ઘણું મહત્ત્વ છે. તો તમારે જ્ઞાનદાનની સાથે ગુણોનું પણ દાન કરવાનું છે.

**॥ ઓમશાંતિ ॥**

# અંતર્મુખતાનું અંતર જગત

**બ્ર. કુ. જૂનાગઢ**

અંતર્મુખતાનાં અજવાળે ચાલીને પહોચ્યો
અંતર જગતમાં,
શોર સરાબાની દુનિયાથી શાંતિની દુનિયામાં,
જ્યાં અનુભવના ઓજારને, લહેરોનાં સંસ્મરણ,
જીવનને ઉન્નત બનાવવાના પિલર, જમીન,
સ્તબ્ધતાની સુગંધને, શક્તિઓનો ભંડાર,
શાણપણનું ઓજસને, સચ્ચાઈની ઉંચાઈ,
બેહદની સમજણને, ડેડ સાયલન્સ,
સ્વને સાંભળવાની જગ્યાને,
પોતાને મળવાની જગ્યા,
ભાવો ભવનો વિસામો, નિઃશબ્દ મૌન,
ભાગદોડની દુનિયામા સાક્ષીનો
સ્તૂપને પથ્થરનું પુતળું,
વાવાઝોડાનાં વાયરામાં
અચલતાનું અડોળ સ્થાન,
પ્રભુ પ્રેમમા પલળેલું એક પ્રાસંગિક પલ,
તસ્વીરનું તેજ,
સંગમનું મદિરને, સતયુગનો મહેલ,
ત્રેતાનો તારો, દ્વાપરની મૂર્તિને,
કલયુગનો કેશવ આ કાજ,
આ અજર અમર મારું અંતર્મુખતાનું અંતર જગત.

**॥ ઓમશાંતિ ॥**



### પ્રસન્નતાના પથ પર

# આપણા સંકલ્પો જ આપણા ડોક્ટર છે

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



ઘરમાં કોઈ બીમાર થાય છે તો ઘરમાં કઈ એનર્જી હોવી જોઈએ. એ આપણને ખબર છે. જેટલી આપણા મનની સ્થિતિ શાંત હશે, શક્તિશાળી હશે, યોગ્ય વિચાર હશે એટલી ઘરની એનર્જી ઊંચી બની જશે. તે જેનું શરીર બીમાર છે એના શરીર પર કોની અસર પડવાની છે? મનની પણ આપણો રોલ કયો છે ? એમના મનની સ્થિતિને શક્તિશાળી બનાવવાનો દર્દીના મનની સ્થિતિ ઠીક કરવા માટે આપણે પહેલાં આપણા મનની સ્થિતિને ઠીક કરવી પડશે. આપણું મન નોર્મલથી પણ વધારે શક્તિશાળી હોવું જોઈએ. પણ આપણે કહી દઈએ છીએ કે તેઓ બીમાર છે તો ચિંતા થવી નોર્મલ છે. ડર લાગે છે તો નોર્મલ છે. દુઃખ થવું તો નોર્મલ છે.

ઘરમાં ચિંતા, ડર, દુઃખ, ક્રિયેટ કર્યું પછી તો મળવા આવ્યા તેમણે પણ ચિંતા વ્યક્ત કરી. કોઈ શક્તિશાળી થોટ ક્રિયેટ કરીને જાય છે. તો બસ એમને જઈને જરૂર મળવું જોઈએ. માત્ર દેખાવના શબ્દો નહીં હોવા જોઈએ. આપણે હોસ્પિટલ જઈએ છીએ. લોકોને મળીએ છીએ. આપણે કહીએ છીએ કોઈ વાત નહીં. બધું ઠીક થઈ જશે. શું અચાનક આ ઉંમરમાં આ બીમારી થઈ ગઈ, બિચારાનું હવે શું થશે બાળકોને કોણ સંભાળશે? આવા શબ્દો બોલીને આપણે કેવી દુઃઆઓ આપીએ છીએ. આ સર્વ વિચારો અસર કરે છે.

એટલે આપણે ધ્યાન રાખવાનું છે કે આપણે કેવા સમયે કેવી ઉર્જા જન્માવીએ છીએ. જ્યારે આપણને શક્તિની જરૂર છે. તો તેવા સમયે કેવા વિચારો કરવા જોઈએ. આવા સમયે આપણા વિચારો પોઝીટીવ હોવા જોઈએ. ચિંતા કરવાથી તો બીમારી વધતી જ જશે. ડોક્ટર કહે છે કે ઈલાજ તો પરફેક્ટ ચાલી રહ્યો છે પણ આપણે બીજાઓનું ઉદાહરણ આપીને કહીએ છીએ બે ચાર દિવસમાં તો તેઓ સાજા થઈ ગયા હતા. પણ આ કેમ સાજા થતા નથી? ડોક્ટર, એજ ઈલાજ, અલગ-અલગ લોકો અલગ-અલગ ટાઈમ લે છે. કારણ કે એમને સાજા કરવાનું ફેક્ટર છે એમનું મન અને એમના પરિવારનું મન.

॥ ઓમશાંતિ ॥

**(પેજ નં. 25નું અનુસંધાન)... કોણ છે આ બ્રહ્મા**

ગુપ્ત રહસ્ય સ્વયં પરમાત્મા જ આવીને બતાવે છે, આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે મોટા મોટા પંડિતો, ઋષિમુનિઓ, કથાકારો, ધર્મપિતાઓ પણ આ રહસ્યને જાણતા નથી, જે સ્વયં ભગવાને આપણને જણાવ્યું છે. વર્તમાન સમયે નવી સતયુગી સૃષ્ટિની સ્થાપના કરવાનુ કાર્ય બ્રહ્માજી કરી રહ્યા છે. આપ પણ તેમાં સહયોગી બની શકો છો. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના કોઈપણ સેવાકેન્દ્રનો સંપર્ક કરીને આપ પણ બ્રહ્માજી દ્વારા આપેલ આ બ્રહ્મજ્ઞાન શીખી શકશો.

॥ ઓમશાંતિ ॥

# સાયલેન્સ એક પાવરફુલ મેડીસીન

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુ રોડ



બાબા બાળકોને આ જ્ઞાનનાં મહાવાક્યો સંભળાવીને આપણી સ્થિતિને પરિપક્વ કરી રહ્યા છે. જેથી અંતિમ સમયનું જે પેપર છે એમાં પાસ થવાનો અભ્યાસ એક સેકંડનો હોવો જોઈએ. અને આ એક સેકંડમાં આપણે સહજ જ દેહ અને દેહભાનથી ન્યારા બની જઈએ, એ માટે બાબા આપણને કેટલાયે પ્રકારની ડ્રીલ શીખવાડે છે. અત્યારે પણ બાબાની અવ્યક્ત મુરલી ચાલે છે તો હું સમજું છું કે 2007 થી જ દરેક મુરલી પછી બાબાએ ડ્રીલ કરાવી અને બાબાની ડ્રીલની પાછળ એ ફોકસ હતું કે બાળકો, એક સેકંડમાં ડીટેચ બની જાઓ.

તો શું એટલો આપણી કર્મેન્દ્રિયો ઉપર, પોતાની સ્થિતિ પર અધિકાર છે. જેથી આપણે એક સેકંડમાં ન્યારા થઈ શકીએ. આ અશરીરીપણાની સ્થિતિને સમજવા માટે સારી રીતે સાયલેન્સની પરિભાષા સમજવી જરૂરી છે.

જે સાયલેન્સની સ્ટેજ છે એમાં પહેલી સ્ટેજ છે - સાયલેન્સ. બીજી સ્ટેજ છે સ્વીટ સાયલેન્સ, ત્રીજી સ્ટેજ છે ડીપ સાયલેન્સ અને ચોથી સ્ટેજ છે ડેડ સાયલેન્સ. તો અશરીરીપણાનો અભ્યાસ આ સાયલેન્સની જે વિભિન્ન સ્ટેજ છે એના માધ્યમથી આપણા જીવનમાં ડેવલપ કરી શકીએ છીએ. જ્યારે કહીએ છીએ કે સાયલેન્સમાં સ્થિત થઈ જાઓ. પહેલી સ્ટેજ - તો એ સમયે ભાવ એ છે કે મનમાં અનેક પ્રકારના જે વ્યર્થ વિચારો ચાલી રહ્યા છે સાધારણ સંકલ્પ ચાલી રહ્યા છે એ વ્યર્થ અને સાધારણને આપણે સ્વયંને પરિવર્તન કરીને સમર્થ સંકલ્પ યા શક્તિશાળી સંકલ્પમાં લઈ જઈએ. કારણ કે સાયલેન્સ અર્થાત્ કોઈ નીલ અવસ્થામાં લઈ જવાનું નથી. કારણકે મન કદી પણ શૂન્ય બની શકતું નથી. જ્યારે આપણે એના ઉપર દબાવ મૂકીએ તો તે કેટલીક ક્ષણો માટે મન નિઃસંકલ્પ થઈ જાય છે. પરંતુ ભાવ એ છે કે બાબાએ મુરલીમાં જે બતાવ્યું છે વ્યર્થ સંકલ્પોથી આપણે કેટલા ફ્રી છીએ. યા અત્યાર સુધી પણ વ્યર્થ ચાલે છે તો જે વ્યર્થ યા સાધારણ સંકલ્પ છે એનું પરિવર્તન કરવું અને તેને શક્તિશાળી, સમર્થમાં લગાવવા અને શ્રેષ્ઠ દિશા આપે છે. તો જે નેચરલ છે તે સંકલ્પોની ગતિ ધીમી થઈ જાય છે. એ રીતે નેગેટીવ સંકલ્પોની ગતિ ફાસ્ટ હોય છે. એક સેકંડમાં ન જાણે કેટલા વિચારો આવે છે. વ્યર્થ સંકલ્પોની ગતિ પણ તીવ્ર હોય છે. તો એને શ્રેષ્ઠ દિશામાં વાળીએ છીએ તો ગતિ એની મેળે સ્લો થઈ જાય છે. કહેવાય છે કે જેટલા એ સ્લો વેવ્સ હોય છે મનના, એટલા એ શક્તિશાળી હોય છે. એટલે એને શક્તિશાળી બનાવવાના છે. શક્તિશાળી સંકલ્પ જ્યારે સ્લો થઈ જાય છે તો ધીરે ધીરે કોઇને કોઇ સ્થિતિમાં જઈને સ્થિત થઈ જાય છે. તો એ સ્થિતિનો અનુભવ કરવો સહજ થઈ જાય છે.


બીજું કહીએ તો આત્માભિમાની સ્થિતિમાં સ્થિત કરવા. તો સાયલેન્સ અર્થાત્ સ્વયંને અંતર્મુખી બનાવી દેવા બર્હિમુખતાથી અંદર જાઓ. અને અંદર લઈ જઈને આત્માભિમાની સ્થિતિમાં સ્થિત કરી દેવા. મતલબ કે આત્માના જે સાતો

(અનુસંધાન પેજ નં. 06 પર)

## એક દિવ્યાત્માનું દેવલોકગમન...

# રાજયોગી બ્ર.કુ. બ્રિજમોહનજી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



સત્ગુરુવાર 9-10-2025 બપોરે ખબર મળી, ભ્રાતા બ્રિજમોહનભાઈ દુનિયાને અલવિદા કહી ગયા! બુધવારે મોડી રાત્રે, આશા દીદીજીનો ભ્રાતાજીના સ્વાસ્થ્ય માટે યોગદાન કરવાનો મેસેજ વોટ્સએપથી મળ્યો હતો. આટલી ઝડપથી તે આતમ પંછી દેહના પિંજરામાંથી કેવી રીતે ઉડી ગયા? સેવા-ક્ષિતિજના તે તેજસ્વી તારા કેવી રીતે લુપ્ત થઈ ગયા! યજ્ઞનાં ચાર મૂળ-આધારસ્તંભ મુખ્ય પ્રશાસિકા દાદીઓમાં (દાદી પ્રકાશમણિજી, દાદી જાનકીજી, દાદી ગુલઝારજી, દાદી રતનમોહિનીજી) અંતિમ આદિરત્ન દાદી રતનમોહિનીજીના અવ્યક્ત આરોહણથી જાણે યજ્ઞ ઈતિહાસનો પ્રથમ અધ્યાય સંપન્ન થયો! એ જ રીતે આદિ-સેવારત્ન ચાર મુખ્ય ભાઈઓમાં (ભ્રાતા જગદીશજી, ભ્રાતા નિર્વૈરજી, ભ્રાતા રમેશજી અને ભ્રાતા બ્રિજમોહનજી) ચોથા સેવાસ્તંભ 'ભ્રાતા બ્રિજમોહનજી'નું જવું, યજ્ઞ ઈતિહાસના દ્વિતીય અધ્યાયની પૂર્ણતાની સાથે, એક યુગના અંત જેવું લાગ્યું...!

ભ્રાતા બ્રિજમોહનજીના સદાબહાર વ્યક્તિત્વમાં ગજબનું અલૌકિક આકર્ષણ હતું. ઓજસ્વી વાણીમાં જ્ઞાન-રશ્મિઓ (જ્ઞાન-પ્રકાશ) થી અંતરના પટ ખોલનારી, મર્યાદાયુક્ત હાસ્ય-વિનોદ સભર રસીલી વાતચીતની કળામાં ભ્રાતાજી માહિર હતા. તેઓ સુખદાયી મધુર વાણીથી એવી જ્ઞાનની રસધારા વહાવતા, જેમાં આત્મા હંસ બની જ્ઞાનસાગરમાં ડૂબકી લગાવતી અને અનુભવોના મોતી મેળવતી. તેમની રમણીક અદાઓ પર દરેક જણ સહેજે ફિદા થઈ જતાં. સાચું કહું તો, મિસરી જેવી મીઠી-મધુર હતી તેમની વાણી, સંભળાવતા બાબા-મમ્માની કુરબાનીની કહાણી, પરમાત્મ જ્ઞાન હોય જેમની જુબાની, કરતા ગીતાજ્ઞાનની શંખધ્વનિ, એવા ભ્રાતા બ્રિજમોહનજી તો હતા બહુમુખી પ્રતિભાના ધની! તેઓ ધારણ કરતા દિવ્યગુણોનો સાજ પહેરીને સેવાની જવાબદારીનો તાજ, કરતા પ્રભુ પ્રત્યક્ષતાનું કાજ, વિચાર સાગર મંથનથી ખોલતા ગુહ્ય રાજ, રહેતા સદા પ્રસન્ન અને ખુશમિજાજ, કરતા બાપદાદા અને બ્રહ્માવત્સોના દિલો પર રાજ, એવા ભ્રાતા બ્રિજમોહનજી તો હતા હોવનહાર સતયુગી રાજાધિરાજ!

ભ્રાતાજીનો જન્મ સુવર્ણમંદિર નગરી અમૃતસરના ગુરુદ્વારા ચોકમાં 07-01-1934ના શુભદિને પિતાના નિવાસમાં થયો. પિતા 'જગદીશ આનંદ' અને માતા 'જિતેન્દ્ર કૌર' એ આ પુત્રરત્નને સુંદર નામ આપ્યું 'બ્રિજમોહન' ભારત-પાક વિભાજન પછી સન્ 1949માં ભ્રાતાજી પરિવાર સાથે દિલ્હી આવ્યા. ભ્રાતાજીના પિતાજી આર્યસમાજી અને માતા રાધાસ્વામી ગુરુ વ્યાસના શિષ્યા હતા. તેથી બ્રિજમોહનજી આર્યસમાજ તથા રાધાસ્વામીના સત્સંગમાં જતા હતા, જેનાથી બંને સ્થાનોના ભજન તેમને કંઠસ્થ હતા. પિતાજી લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશનમાં ઓફિસર હતા. પિતાજીને યોગમાં ઊંડી રુચિ હતી, તેઓ યોગાસન કરતા હતા. કોઈકે તેમને કહ્યું, 'દિલ્હીમાં દેવીઓ

આવી છે - જે યોગ શીખવે છે.' આથી યોગની લગનથી પિતાજી સન્ 1953માં નવા-નવા ખુલેલા કમલાનગર સેન્ટર જવા લાગ્યા. બ્રિજમોહનજીના માતાજી અઠવાડીયામાં એકવાર ઘરે જ રાધાસ્વામીનો સત્સંગ કરાવતા હતા. 'બ્રહ્માકુમારીઓ ઘરબાર છોડાવે છે' આ ફેલાયેલી ભ્રાંતિને કારણે સત્સંગી માતાઓએ માંને કહ્યું, 'તમારા પતિ વધુ સમય સેન્ટરે ગયા તો ઘરબાર છોડી દેશે.' આથી માતાજીએ ભ્રાતા બ્રિજમોહનજીને આશ્રમની ગતિવિધિઓ જાણવા સેન્ટરે મોકલ્યા. એક બહેને બ્રિજમોહન ભાઈજીને સાપ્તાહિક કોર્સ કરાવ્યો, પછી બીજી બહેન યોગ શીખવવા આવી, તેને ફોન આવ્યો તો તે ચાલી ગઈ. ભ્રાતા બ્રિજમોહનજી એકલા જ બેઠા રહ્યા, ત્યારે નાની બારીમાંથી પ્રકાશનો એક શેરડો આવ્યો અને તેમને ઘેરી લીધા, તેમના નયન ખુલ્લા હતા, તેમને ખૂબ હલકો-હલકો અનુભવ થઈ રહ્યો હતો. ભ્રાતા બ્રિજમોહનજીએ વિચાર્યું - અહીં કોઈ શક્તિ છે, બહેનો જેવું કહેશે તેવું કરીશ, એક પણ જ્ઞાનબિંદુ સમજમાં આવ્યું તો આગળ સાંભળીશ. ઈશ્વર સર્વવ્યાપી નથી, મનુષ્ય પશુ યોનિમાં નથી જતો, આ બે બાબતો સાથે ભ્રાતા બ્રિજમોહનજી સહમત થયા અને ઘરે આવી માતાને કહ્યું, 'રસ્તો સારો છે, એવી સમજણ નથી આપવામાં આવતી કે ઘરબાર છૂટે.'

એક દિવસ પિતાજીના નિમંત્રણ પર મિઠ્ઠુ દાદીજી ઘરે પધાર્યા. દાદીજીએ ઘર પર ચાલી રહેલા સત્સંગમાં 'ૐ રટો, ૐ રટો' ભજન ગાયું. શ્વેત વસ્ત્રધારી, હર્ષિતમુખી, ખુશમિજાજી દાદીજી માતાજીને ખૂબ ગમ્યા, દાદીજીનું ભજન પણ સારું લાગ્યું. માતાજીના આગ્રહથી દાદીજી ઘરે આવતા રહ્યા. માતાજી પણ એકવાર દાદીના સ્નેહ દોરથી બંધાઈ સેન્ટર પહોંચી ગયા, ચંદ્રમણિ દાદી અને કમલસુંદરી દાદીને મળીને ખૂબ પ્રભાવિત થયા અને માતાજીનો ડર નીકળી ગયો કે બ્રહ્માકુમારીઓ ઘર છોડાવે છે. માતાજી જ્ઞાનમાં પાક્કા થયા તો ભ્રાતા બ્રિજમોહનજી અને નાનાભાઈ 'મનમોહનજી' બંને ભાઈ જ્ઞાનમાર્ગ પર ચાલી પડ્યા. 6 મહિના પછી માતા-પિતાને મધુબન જવાની રજા મળી, ભ્રાતાજી અને નાના ભાઈએ ટેલિગ્રામથી સ્પેશિયલ રજા લીધી. બધા પહેલીવાર કોટા હાઉસમાં બાબાને મળ્યા. ભ્રાતાજીનું મન બાબાને મળવા અધીરૂં હતું, 'કેવા હશે પ્યારા બાબા, જેમાં સ્વયં ભગવાન આવે છે!' ભ્રાતાજી પહેલી લાઈનમાં બેઠા હતા. ખડાઉ (લાકડાની ચરણપાદુકા) પહેરી બાબા આવ્યા. એક સંદલી પર બાબા, બીજી સંદલી પર મમ્મા બેઠા હતા. બાબાનો ચહેરો ચમકીલો, તાંબા જેવું શરીર હતું. ભ્રાતાજી બાબાની ગોદમાં ગયા, વાહ! શું અદ્‌ભુત સ્થિતિ હતી, માનો શરીર હતું જ નહીં, ફક્ત ચેતના હતી, ખૂબ હળવાશ હતી. પછી તેઓ મમ્માની ગોદમાં ગયા, તે પણ અતિ પ્યારા હતા. અહાહા! પહેલીવાર આવો પ્યારો દિવ્ય અનુભવ થઈ રહ્યો હતો.

ભ્રાતાજી પરિવાર સાથે દિલ્હી કરોલબાગમાં રહેતા હતા, ત્યાંથી રોજ કારથી કમલાનગર ક્લાસ કરવા જતા. પિતાજી બીજીવાર જ્યારે મધુબનમાં બાબાને મળ્યા તો વિનંતી કરી કે બાબા તેમને બે બહેનો આપે જેથી તેમના ઘરમાં જ સેન્ટર ખોલે. બાબાએ વિનંતી સાંભળી બે બહેનો મોકલી અને મોટા ઘરમાં સેન્ટર ખુલ્યું. જ્યાં દાદી પ્રકાશમણિજી, દાદી ઓલરાઉન્ડરજી, દાદી ગુલઝારજી, પાલૂદાદી ટીચર બનીને રહ્યા. જિજ્ઞાસુઓની વૃદ્ધિ થઈ તો અન્ય સ્થાન પર આશ્રમ શિફ્ટ કર્યો. શરૂઆતમાં દિલ્હીનું આ બીજા નંબરનું સેન્ટર હતું.

ત્રીજીવાર મધુબન ગયા તો પરિવાર સહિત ભ્રાતાજીનું બાપદાદાથી મંગલ-મિલન થયું. બ્રહ્માબાબાના તનમાં શિવબાબા હતા. પિતાજી બોલ્યા, 'બાબા, લૌકિક કાર્ય છોડી સેવા કરવા માંગુ છું.' જાનીજાનનહાર બાપદાદા જન્મપત્રી જાણી બોલ્યા, 'તમારો પરિવાર છે, લૌકિક અલૌકિક બંને સેવા સંભાળો, માતાજીને નજીકના તીર્થસ્થાન પર સેન્ટર ખોલીને આપો.' નાના ભાઈ મનમોહનને કહ્યું, 'ભણતર છોડી દો' અને ભ્રાતા બ્રિજમોહનજીને કહ્યું, 'ભણતા રહો.' ત્રિકાળદર્શી બાબાએ આપેલી અલગ-અલગ શ્રીમતમાં સૌનું કલ્યાણ સમાયેલું હતું. પિતાજીએ માતાજીને મથુરામાં સેન્ટર ખોલીને આપ્યું. બાબાએ માતાજીને નામ આપ્યું 'ફૂલ ચમેલી!' તેઓ અંત સુધી બાબાની આજ્ઞાને શિરોધાર્ય રાખી મથુરામાં સેવારત રહ્યા. નાના ભાઈએ 11મા ધોરણમાં ભણતર છોડી, ત્રણ વર્ષ ખૂબ સેવા કરી અને પટિયાલામાં પ્રદર્શનીમાં લૂ (ગરમી) લાગવાથી દેહ ત્યાગ કર્યો. ભ્રાતાજી તે વખતે એલ.એલ.બી. કરી રહ્યા હતા. લોનું ભણતર પૂરું કરી ભ્રાતાજીએ પ્રથમ પ્રયાસમાં જ સી.એ.ની પરીક્ષા પાસ કરી, દિલ્હી સદર બજારમાં ઓફિસ ખોલી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પ્રેક્ટિસ શરૂ કરી.

ભ્રાતાજી આઠ મહિના પછી આબુ આવ્યા તો બાબાએ કહ્યું, 'દિકરા, બે રોટલી જ તો ખાવી છે, કેમ સાચા-ખોટાનો ધંધો કરો છો? સરકારી નોકરી કરી લો.' બાબાની શ્રીમત માની ભ્રાતાજીએ તરત નોકરી કરવાનો નિશ્ચય કર્યો. દિલ્હી આવી ભાઈ દ્વારા બધું ફર્નિચર સેવાકેન્દ્ર મોકલાવ્યું, ક્લાયન્ટની અકાઉન્ટ બુક્સ પાછી આપી દીધી, પછી ઓફિસમાં ક્યારેય પગ ન મૂક્યો. અખબારમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની વેકેન્સી જોઈ ભ્રાતાજીએ હાથથી જ અરજી લખી અને મોકલી દીધી. ભાખડા નાંગલમાં ફર્ટિલાઈઝર કંપનીની નવી ખુલેલી ઓફિસમાં ભાઈજીને ઈન્ટરવ્યૂ માટે બોલાવ્યા. કંપની મોટી હતી, 8-10 એકાઉન્ટન્ટ જોઈતા હતા. ભાઈજી ટ્રેનમાં નીકળી પડ્યા, ટ્રેનમાં ઈન્ટરવ્યૂ આપનાર આઠ છોકરાઓ સાથે હતા, તેઓ સ્માર્ટ (હોશિયાર) લાગી રહ્યા હતા, જેનાથી ભ્રાતાજીને નોકરી મળવાની આશા નહોતી લાગી રહી. ઈન્ટરવ્યૂમાં ભ્રાતાજીને 5-6 સવાલ પૂછવામાં આવ્યા, તેમને જવાબ યાદ ન આવ્યા તો પ્રશ્ન કર્તાઓએ માથું હલાવી કહ્યું કે ઉત્તર ઠીક નથી આપ્યા અને છેલ્લો સવાલ પૂછ્યો, 'પગાર કેટલો લેશો?' ભાઈજી બોલ્યા, 'જે તમે આપશો.' નવી કંપનીમાં ઓછા પૈસામાં નોકરી પર રાખવાનો નિયમ હતો. બીજાઓએ વધારે પૈસા માંગ્યા તો તેમાંથી ફક્ત ભાઈજી જ ચૂંટાયા. બાબા કહેતા હતા, 'કોઈ બાળક જો મારી આજ્ઞા માની લે તો જિંદગીભર તેની મદદ કરું છું!' આ વાતનું ભ્રાતાજી પ્રત્યક્ષ પ્રમાણ બન્યા.

નોકરી મળતા જ ભ્રાતાજીએ પહેલો પગારનો ડ્રાફ્ટ કરી બાબાને મોકલ્યો. બાબાએ ડ્રાફ્ટ પાછો મોકલી, પૂછ્યું, 'કોના કહેવાથી મોકલ્યો?' ભ્રાતાજીએ લખ્યું, 'મુરલીમાં તમે જ કહો છો કે મારા હાથમાં છે કોનું ભાગ્ય બનાવું, કોનું ન બનાવું. તમારી શ્રીમતથી જ મેં નોકરી કરી છે, આ એ જ નોકરીની ઈમાનદારીની કમાણી છે, શું તમે મારું ભાગ્ય નથી બનાવવા માંગતા?' બાબાએ પત્ર વાંચી લખ્યું, 'દિકરા, પત્ર મળ્યો, મન હર્ષાયું, આ વખતે રાખી લઉં છું, આગળથી ન મોકલી, જાતે જ સેવામાં લગાવજે.' ભ્રાતાજીની ઉંમર 21 વર્ષ હતી. કોઈ ધાર્મિક સંસ્થા નહિ હોય જે પૈસા મળે તેને પાછા આપી દે. આનો ભ્રાતાજીના દિલ પર ખૂબ સારો પ્રભાવ પડ્યો.

પિતાશ્રી બ્રહ્માબાબા અને માતેશ્વરી

જગદંબાથી ભ્રાતાજીએ અપાર અવર્ણનીય પ્રેમ મેળવ્યો.

બાબા મુરલી પછી ચર્ચા કરતા કે શિવબાબાએ આ કહ્યું, પછી મમ્મા સીટી વગાડતા તો બધા ભેગા થતા અને ફરવા માટે નીકળતા. વચ્ચે-વચ્ચે બાબા ઊભા રહી પૂછતા, 'શિવબાબા યાદ છે?' રસ્તામાં ખ્રિસ્તી પાદરી અને નન્સને જોઈ બાબા કહેતા, 'જુઓ, તેઓ શાંતિથી ફરે છે, એકને જ યાદ કરે છે, નન બટ વન.' બાબાનો હાથ પકડીને ફરવાનો અવસર મળતો તો ભ્રાતાજી ખુશ થતા. સાંજે ચા પીવડાવવા બાબા પહાડી પર લઈ જતા તો ક્યારેક નક્કી લેક લઈ જતા અને હંમેશા જ્ઞાનની ચર્ચા કરતા. ભ્રાતાજી મધુબન આવતા તો એક અઠવાડીયું રોકાતા, બાબા-મમ્મા સાથે ભોજન કરતા. ભ્રાતાજીને કેરી ખૂબ પસંદ હતી. કેરીની સીઝન હતી, ભોજનમાં કેરી મળી, તો માતાજીએ ભ્રાતાજીને ટેબલની નીચેથી ધીમેથી કેરી આપી દીધી. ભોજન પછી બાબાએ લચ્છુ દાદી પાસે ટોકરીમાં કેરીઓ મંગાવીને ભ્રાતાજીને આપી. બાબાએ માંને કેરી આપતા જોઈ લીધા હતા. આટલો બાબા પ્રેમ કરતા હતા!

બપોરના ભોજન પછી બાબા 3-4 વત્સો સાથે ચોપાટ રમતા. તે ગ્રુપમાં બાબાના લૌકિક પુત્ર નારાયણ દાદા પણ હતા. બાબા ભ્રાતાજીને ગાદી પર અને નારાયણ દાદાને સામે બેસાડતા હતા. એક દિવસ ભ્રાતાજી રાહ જોતા રહ્યા, બાબાએ ન બોલાવ્યા તો લચ્છુ દાદીને કહ્યું. દાદીએ બાબાને કહ્યું, બાબાએ બોલાવીને રમત શરૂ કરી, પણ બાબા હારી ગયા. એક તરફ 10 સ્પર્ધકો હોય અને બીજી તરફ એકલા બાબા હોય, તો પણ બાબા હારતા નહોતા, પણ તે દિવસે હારી ગયા. ભ્રાતાજીને આશ્ચર્ય થયું કે બાબા કેવી રીતે હારી ગયા? બાદમાં લચ્છુ દાદીએ જણાવ્યું કે બાબાને 102 ડિગ્રી તાવ હતો, તમે બોલાવ્યા એટલે બાબા રમ્યા. બાળકોની ઈચ્છા પૂરી કરવા બાબા તનની તકલીફનો અહેસાસ પણ ત્યાગી દેતા હતા.

બાબાએ પહેલીવાર ત્રિમૂર્તિ માસિક પત્રિકા (અત્યારની હિન્દી જ્ઞાનામૃત પત્રિકા) માટે ભ્રાતા જગદીશજીને લેખ લખવાની સેવા આપી તથા ભ્રાતા બ્રિજમોહનજીને પત્રિકા છપાવવાની જવાબદારી આપી. પત્રિકાનો કાગળ ખરીદવો, છપાવવો, પ્રૂફ વાંચવું, ફોટો બનાવવો વગેરે ભ્રાતા બ્રિજમોહનજીની ડ્યુટી હતી. ભ્રાતાજી ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનું કાર્ય કરતા હતા, આથી તેમનું નામ સંપાદક કે ઉપસંપાદક તરીકે લખી શકાતું નહોતું. બાબા દિલ્હી આવ્યા તો ભ્રાતા જગદીશજીએ પત્રિકા દેખાડી, બાબાએ કહ્યું, 'આ મારો સંપાદક દિકરો છે.' જગદીશભાઈએ બ્રિજમોહનભાઈ તરફ ઈશારો કરી કહ્યું, 'બાબા, આમણે છપાવી અને બનાવી છે.' બાબાએ બ્રિજમોહનભાઈ માટે કહ્યું, 'આ પણ મારો સંપાદક દિકરો છે.' બ્રિજમોહનભાઈએ વિચાર્યું કે બાબાએ કહી દીધું, પણ હું તો સંપાદક છું નહીં. સવા વર્ષ પછી જગદીશભાઈ વિદેશ ગયા તો બ્રિજમોહન-ભાઈએ પત્રિકા બનાવી બધાને મોકલી અને વિચાર્યું કે હું સંપાદક બની ગયો, ભલે મારું નામ સંપાદક તરીકે ન આવ્યું. પરંતુ ત્રિકાળદર્શી બાબાનું વરદાન વ્યર્થ ન ગયું. ભ્રાતા બ્રિજમોહનજીની નોકરી છૂટતા જ બાબાએ અંગ્રેજીમાં 'પ્યોરિટી' (મેગેઝીન) છપાવડાવી, જેના સંપાદક ભ્રાતા બ્રિજમોહનજી બન્યા અને બાબાના બોલ સાકાર થયા.

ભ્રાતાજીના લૌકિક પિતાજીએ દેહ ત્યાગ કર્યો તો ભાઈજીએ તેમના 30 ડ્રેસ પહેરવા માટે રાખી લીધા, જેથી વસ્ત્રોની બચત થાય. એકવાર મધુબનમાં પિતાજીના કપડા પહેરી ભ્રાતાજી પાછા

ફરતી વખતે બાબાની રજા લેવા ગયા. બાબા વિદેશના રેડીમેડ કપડા બાળકોને આપતા હતા. બાબાએ તેમાંથી એક ભ્રાતાજીને આપવાનું વિચાર્યું. પણ ભાઈજીએ ઈકોનોમીનું વર્ણન કરતા કહ્યું કે લૌકિક પિતાનાં કપડા તેમને ફિટ થઈ જાય છે. બાબાએ હસીને કહ્યું, 'બાબાનો આપેલો ડ્રેસ પહેરશો તો બાબા યાદ આવશે, લૌકિક પિતાનો ડ્રેસ પહેરશો તો લૌકિક પિતા યાદ આવશે.' બાબા સોગાત લેવા માટે પણ ના પાડતા અને કહેતા કે કોઈ કંઈ આપે તો તે યજ્ઞમાં આપી દો - બાબાની આ ગુહ્ય ધારણાનો ઈશારો સમજી ભ્રાતાજીએ તરત બાબાનો આપેલો ડ્રેસ પહેરી લીધો અને પિતાજીના વસ્ત્રો યજ્ઞમાં આપી દીધા. એક દિવસ ધોબીઘાટ પર એક સેવાધારી ભાઈને પિતાજીના ડ્રેસ પહેરેલા જોયા તો ભ્રાતાજીના મનમાં આવ્યું, આ તો મારા પિતાજીનો શર્ટ છે! યજ્ઞમાં આપ્યા પછી પણ તેમને 'મારાપણાં'ની સ્મૃતિ આવી. ભ્રાતાજીને ત્યારે સમજાયુ કે એક શિવબાબાને યાદ કરવા માટે દેહ અને દેહના સંબંધોને ભૂલવા કેટલું જરૂરી છે! બાબા પત્રના અંતમાં યાદપ્યાર આપી લખતા હતા - બાળકો ખુશ રહો, આબાદ રહો, ન ભૂલો, ન યાદ કરો. બ્રહ્માબાબા કહેતા, 'હું બાળકોને યાદ કરું કે શિવબાબાને?'

એકવાર ભ્રાતાજીને વિચાર આવ્યો કે સેવા માટે કાર લઈ લઉં તો સમય બચશે. બાબાને પૂછ્યું તો બાબાએ હા કહી. ભ્રાતાજીએ કાર લીધી. ચંડીગઢ પ્રદર્શનીમાં ગયા તો કાર પાર્ક કરી, પરંતુ દર 15 મિનિટ પછી ખ્યાલ આવતો રહ્યો કે બહાર જોઈને આવું કે કોઈ બાળક ઉઝરડો તો નથી કરી રહ્યું? તેમને લાગ્યું - આ તો બંધન થઈ ગયું. ભાઈ-બહેનોએ પણ દૂરી બનાવી લીધી કે આ તો કારવાળો છે. કારવાળાને જોઈને શાકવાળો પણ વધારે પૈસા માંગતો. એક વર્ષ કાર રાખી પણ ફાયદો ઓછો, કષ્ટ જ વધારે થયું. ભ્રાતાજીએ બાબાને પૂછ્યું, 'કાર વેચું?' બાબાએ કહ્યું, 'વેચી દો, તમને સતયુગમાં વિમાન મળશે.'

મને (લેખકને) પણ ભ્રાતાજીના સ્નેહ-સાન્નિધ્યના સોનેરી અવસરો મળ્યા. એકવાર હું દિલ્હી પાંડવ ભવનમાં રોકાયો હતો, દિલમાં ઈચ્છા હતી ભ્રાતાજીને મળવાની, પણ તેમને ભેટમાં આપવા કોઈ અમૂલ્ય ઉપહાર નહોતો. હું ભોળો બાળક બજારમાંથી પપૈયું લઈ, ચાલ્યો ભ્રાતાજીને મળવા! આશાદીદીએ પરિચય આપી કહ્યું, 'હેમંત ભાઈ, મધુબનથી છે, તમને મળવા માંગે છે.' શ્રીકૃષ્ણએ સુદામાના ભાવભર્યા ચોખા સ્વીકાર્યા, એ જ રીતે ભ્રાતાજીએ પપૈયું ન જોતાં તે ભાવના-ભરી ભેટ દિલથી સ્વીકારી, મારી ખુશીનો પાર ન રહ્યો. નાના-મોટાનો ભેદ ભૂલી, ભ્રાતાજીનું તે સહજ-સરળ, સહૃદય-સસ્નેહ મિલન મારા મનમંદિરમાં અમર યાદગીરી બની ગયું. અમે 'રેડિયો મધુબન'માં 302 મૂલ્યો પર લઘુ-પ્રવચનો આપ્યા હતા, તે પ્રવચનોના સંગ્રહની ડી.વી.ડી. 'જીવનમૂલ્યોનો ખજાનો' ભ્રાતાજીને આપી. ગુણગ્રાહી ભ્રાતાજી અતિપ્રસન્ન થઈ બોલ્યા, 'આટલા બધા મૂલ્યોની માળા, આનું લિસ્ટ અમે ઓમશાંતિ રિટ્રીટ સેન્ટરમાં લગાવીશું!'

ભ્રાતા બ્રિજમોહનજી તો કુમારોના પ્રેરણાસ્ત્રોત 'આદર્શ કુમાર' હતા. તેઓ અનુભવી વક્તવ્યોથી એવું પથ-પ્રદર્શન કરતા જેનાથી સાહસભર્યા કુમાર જીવનનો અઘરો રસ્તો પણ આસાન જેવો પ્રતીત થતો, તેઓ સ્વયંના જીવનવૃત્તાંતોના ઉદાહરણ આપીને 'તપસ્વી બ્રહ્માકુમાર' બનવાની પ્રેરણા આપતા. એકવાર કુમાર ભઠ્ઠીમાં એક કુમારે કહ્યું, 'ભાઈજી, શું જિંદગીભર ખાવાનું જ બનાવતા રહીએ?' (તેનો અભિપ્રાય વિવાહ કરવાથી હતો) ભ્રાતાજી હસી-

મજાકવાળા ચીરપરિચિત અંદાજમાં બોલ્યા, 'ભાઈ, એક કૂકર લઈ લો, ક્યારેક દાળ-ભાત તો ક્યારેક શાકભાજી નાખી પુલાવ બનાવો, કૂકર ત્રણવાર સીટી વગાડીને બોલાવશે કે આવો, ભોજન તૈયાર છે! પત્ની તો નખરાં કરશે.' કુમાર બોલ્યો, 'શું રોજ-રોજ ચોખા ખાઈએ.' ભ્રાતાજી હસતાં બોલ્યા, 'ક્યારેક રોટલી પણ બનાવી લો, હું પણ સર્વિસમાં જાતે ભોજન બનાવતો હતો, જાતે બનાવીએ છીએ તો પોતાની રુચિ અને સ્વાદ અનુસાર બનાવીએ, જે ચાહો તે ખાઓ, જેટલું મરજી ઘી નાખો, પોતાની બળેલી રોટલી પણ સારી લાગે છે, જાત-રસોઈની મજા જ કંઈક ઓર છે!'

ભ્રાતાજીનું અનુપમ ઈશ્વરીય વિદ્યાર્થી જીવન દરેક માટે આદર્શ અને અનુકરણીય હતું. ભ્રાતાજીની દિનચર્યા - ક્રિયાકલાપોમાં વિદ્યાર્થીના પાંચ લક્ષણો (કાક ચેષ્ટા - કાગડા જેવો પ્રયત્ન/મહેનત, બકો ધ્યાનં - બગલા જેવું ધ્યાન/એકાગ્રતા, શ્વાન નિદ્રા - ઓછી નિંદ્રા, અલ્પ-આહારી- મર્યાદિત ભોજન, ગૃહત્યાગી) આજીવન દૃષ્ટિગોચર થતા રહ્યા. પ્યોરિટી પત્રિકા હોય કે મેળા-સંમેલન ભ્રાતાજી રાત-દિવસ ખૂબ મહેનત (કાક ચેષ્ટા) કરી સેવામાં સફળતા પ્રાપ્ત કરતા. ભ્રાતાજી બ્રહ્મમુહૂર્તમાં સવારે બે વાગ્યે સહજતાથી જ નિદ્રાથી જાગી જતા (શ્વાન નિદ્રા) અને ગહન એકાગ્રતા (બકો ધ્યાનં)થી એકના લવ (પ્રેમ)માં લીન (મગ્ન) થઈ પ્રભુ પ્રિયતમની પ્રેમમય યાદોમાં ખોવાઈ જતા! ભ્રાતાજી ભોજનને ભોગ (પ્રભુ પ્રસાદ) માની અનાસક્ત ભાવથી (અલ્પઆહારી બની) સ્વીકાર કરતા. ભ્રાતાજી યુવાવસ્થાથી જ બ્રહ્મચર્યનું વ્રત લઈ ગૃહસ્થ જીવન બનાવવાનો સંકલ્પ ત્યાગીને (ગૃહત્યાગી) વિશ્વસેવા પર ઉપસ્થિત હતા.

ભ્રાતાજીનું નામ જ હતું, 'બ્રિજમોહન!' અર્થાત્ 'શ્રીકૃષ્ણ!' સંગમયુગમાં જ ભ્રાતાજીના ચરિત્રમાં શ્રીકૃષ્ણના કળા-ગુણોનાં દર્શન થતાં. શ્રીકૃષ્ણની મહિમા સમાન ભ્રાતાજી પણ પવિત્રતા, દિવ્યતા, હર્ષિતમુખતા, નમ્રતા... એવા સર્વ દૈવીગુણોથી શણગારેલ સર્વગુણ સંપન્ન હતા. વકતૃત્વકળા, લેખનકળા, મિત્ર બનાવવાની કળા, વાતચીત કરવાની કળા એવી વિવિધ કળાઓમાં પ્રવીણ તેઓ 'હરફનમૌલા' સોળે કળા સંપન્ન હતા. મન-વાણી-કર્મમાં વિકારો પર વિજય પ્રાપ્ત કરી, વિકારોના અંશ અને વંશથી મુક્ત ભ્રાતાજી જાણે સંપૂર્ણ નિર્વિકારી બની ગયા હતા. મર્યાદામાં રહી દરેકને આત્મિક સુખ પ્રદાન કરનાર ભ્રાતાજી ઉત્તમ આત્મા પુરુષ અર્થાત્ મર્યાદા પુરુષોત્તમ હતા. તન-મનની હિંસાને ત્યાગી સદાય હસતા-ગાતા દરેકને ખુશ રાખનારા ભ્રાતાજી ડબલ અહિંસક પણ બની ગયા હતા.

બ્રાહ્મણ પરિવારના દિગ્ગજ, રમણીયતાના મૂર્તિ, ભ્રાતા બ્રિજમોહનજી સતગુરૂવારના રોજ દેહને ત્યજી પરમ સદગુરૂના દિલદરબારમાં જઈ બિરાજ્યા અને એક દિવ્યાત્માનું દેવલોક (બ્રહ્મા-વિષ્ણુ-શંકર આ ત્રિદેવોનું લોક) ગમન થયું... ભ્રાતાજીને અમારા શત્ શત્ નમન!

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

- **મૌનાવસ્થામાં આપણી બધીય વૃત્તિઓ અંતર્મુખ બનવાથી તે પોષણ મેળવીને બળવાન બને છે અને એથી શક્તિ અને આનંદનો ઝરો વહેવા લાગે છે.**
- **થોડી ઘણી સિધ્ધિ મળવાથી અટકી જશો નહીં, પણ સંપૂર્ણ લક્ષ્ય સાધવા સુખી પ્રયાસ ચાલુ રાખજો.**

# બેહદના વૈરાગ્યની ચૈતન્ય મૂર્તિ - પિતાશ્રી બ્રહ્મા

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

પરમપિતા શિવપિતાને સંકલ્પ આવ્યો... હવે પરમધામ છોડી ભારતમાં જવું છે. આવ્યા.. આવીને ભાગ્યશાળી રથને પસંદ કર્યા... નામ આપ્યું પ્રજાપિતા બ્રહ્મા ! બ્રહ્મા નામ શાસ્ત્ર માટે નવું નામ નથી. કારણ શાસ્ત્ર સ્વીકારે છે કે પરમાત્માએ બ્રહ્માદ્વારા સૃષ્ટિનું નવસર્જન કર્યું. પરંતુ નિયતિની બલિહારી હોય કે બ્રહ્માજીનો સંકલ્પ, સૃષ્ટિચક્રના અંતે નવસર્જનનું શ્રેષ્ઠ કાર્ય ચાલી રહ્યું છે, કાર્ય સમાપ્તિના આરે પહોચ્યું છે તેમ છતાં બ્રહ્માની પ્રત્યક્ષતા માટે હજી પણ સમય વાટ જોઈ રહ્યો છે. આધ્યાત્મિકતાની દૃષ્ટિએ જોઈએ તો પિતાશ્રી બ્રહ્માની વૈરાગ્ય વૃતિની આ પ્રતીતી છે. આખી સૃષ્ટિમાં યાદગાર સ્વરૂપે માત્ર એક કે બે બ્રહ્માના મંદિર બન્યા છે. બ્રહ્માજીના વૈરાગ્યને સમજવા લેખકની કલમ સેવારત છે.

**વૈરાગ્યની પરિભાષા - વૈરાગ્ય એટલે**

1. કોઈપણ વસ્તુ, વ્યક્તિ, સંબંધ અથવા પરિસ્થિતિ પ્રત્યેનો મોહ ન રાખવું.

2. અંદરથી નિર્લેપ, અનાસક્ત રહેવું.

3. ફક્ત ફરજ, ધર્મ અને સાધના અનુસાર કર્મમાં આવવું.

સૃષ્ટિચક્રમાં સમયાંતરે અનેક વિભૂતિઓ આવી જેમ કે મહાવીર સ્વામી, મહાત્મા બુદ્ધ, આદિ શંકરાચાર્ય, મીરાબાઈ, સ્વામી વિવેકાનંદ જેમના જીવનમાં પરિસ્થિતિ, સમય, કાળ, રીતિ-રીવાજ, પ્રેમ, તપ, કરુણા આધારિત વૈરાગ્ય હતો. પરંતુ પિતાશ્રી બ્રહ્માની વૈરાગ્યવૃત્તિ જ્ઞાન આધારિત હતી. એ તો પોતાના લૌકિક જીવનમાં મસ્ત હતા. 60 વર્ષના ઉમરે પણ કમાવવાની ધગશ હતી. પરંતુ પરમાત્માએ બ્રહ્માના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સાક્ષાત્કાર કરાવ્યા. પહેલો સાક્ષાત્કાર હતો - વિષ્ણુ ચતુર્ભુજનો. પરમાત્માએ લક્ષ્ય આપ્યું કે ‘હે નર તુ નારાયણ થા’. ત્યાર પછી વિનાશ અને આવવાવાળી સ્વર્ણિમ દુનિયાનો સાક્ષાત્કાર કરાવી આત્મ-ઉન્નતિ માટે દિશા આપી. સ્વ-પરિવર્તન થકી વિશ્વ પરિવર્તનની માસ્ટર ચાવી આપી. આત્મા, પરમાત્મા અને સૃષ્ટિચક્રના જ્ઞાને તેમના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન કર્યો. આ વૈરાગ્ય ઉપરોક્ત વિભૂતિના વૈરાગ્યથી ભિન્ન હતો.

મહાવીર સ્વામીજીનો વૈરાગ્ય ત્યાગ, અપરિગ્રહ આધારિત હતો. આત્મ-મુક્તિ અને અહિંસા, સત્યના સંપૂર્ણ પાલન માટેની તેમની આંતરિક તીવ્ર તલપ તેમને વૈરાગ્ય તરફ ખેંચતી હતી.. શરીર સુખ, માન-અપમાન, આબોહવા, દુઃખ વેગેરે પ્રત્યેની નિર્લિપ્તતાએ તેમને મહાવીર બનાવી દીધા.

મહાત્મા બૌદ્ધજીનો વૈરાગ્ય કરુણા આધારિત કહી શકાય છે. વૃદ્ધાવસ્થા, રોગ, મૃત્યુ જોઈને જાગેલી કરુણાએ તેમના મનમાં વૈરાગ્યને જન્મ આપ્યો. તેમના જીવનથી અતિ તપ અને અતિ સુખ બંનેનો ત્યાગ જાણવા મળે છે.

સ્વામી વિવેકાનંદજીનો વૈરાગ્ય ભારતના દુઃખોને દૂર કરવાની જાગૃતિ આધારિત છે. સંસાર માટે કાર્ય કરવું એ જ તેમનો વૈરાગ્ય હતો. તેમને નિજ જીવનનો ત્યાગ કર્યો. તેમના જીવન થકી વૈરાગ્ય અને સેવાભાવના દર્શન થાય છે.

આદિ શંકરાચાર્યજીનો વૈરાગ્ય બાળપણથી જ સંસારમાં અનિત્યતા જણાવતા ઉદ્ભવેલો વૈરાગ્ય છે. સંસારની તમામ ઘટનાને માયા તરીકે

જોઈ. તેમના વૈરાગ્યમાં તર્ક, વિવેક અને વૈચારિકતા જોવા મળે છે.

ભક્ત મીરાબાઈના વૈરાગ્યમાં જ્ઞાન, તપ કે સંયમ નહિ પરંતુ શ્રી કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ છે.

ઉપરોક્ત મહાન વિભૂતિના જીવનથી એક સત્ય પ્રકટ થાય છે કે દુઃખ, અડચણ, અપમાન, પરિસ્થિતિ તમને ડગમગાવી ના શકે કારણ કે મનમાં ઉદ્દ્ભવેલો વૈરાગ્ય તમને આંતરિક શક્તિ આપે છે.

સૃષ્ટિચક્રમાં પિતાશ્રી બ્રહ્માનો પાર્ટ અનોખો અને વિચિત્ર પાર્ટ છે. તેમના જીવનમાં ઉદ્દ્ભવેલા વૈરાગ્યએ જ વૈરાગ્યની નવી વ્યાખ્યા આપી છે. તેમના વૈરાગ્યના પાયામાં સત્ય જ્ઞાન છે. તેમને ગૃહસ્થી, પરિવાર કે સંસારનો ત્યાગ નહી કર્યો પરંતુ સંસારના પરિવર્તન માટે તન, મન, ધન, પરિવારને સેવાનું સાધન બનાવ્યું. વ્યક્તિના સંકલ્પ - સમય - શ્વાસ, તન - મન - ધન, ગુણ - શક્તિને વિશ્વપરિવર્તન કાર્યમાં લગાવી. અબલાઓને સબલા, નારીને શક્તિ બનાવી વિશ્વમાં આધ્યાત્મિક ક્રાંતિ લાવ્યા. પરમાત્મા શિવપિતાએ આ વૈરાગ્યને બેહદનો વૈરાગ્ય નામ આપ્યું છે.

**બેહદનો વૈરાગ્ય -** આ વૈરાગ્યમાં કોઈ એક વ્યક્તિ, સંબંધ, વસ્તુ અથવા પરિસ્થિતિથી વૈરાગ્ય નથી. પરંતુ આખી દુનિયા, વ્યવસ્થા, કળિયુગી રીતિ-રીવાજ, દુઃખ-દર્દની અવસ્થા, તેના જુના સંસ્કારોથી વૈરાગ્યની અવસ્થા છે.

આ વૈરાગ્યમાં ગુસ્સો, કે પલાયન વૃત્તિ નથી પરંતુ જૂની દુનિયામાં વ્યાપ્ત બુરાઈનો ખાત્મો કરી દુનિયાને શુદ્ધ બનાવવાની શુભ ભાવના છે.

આ વૈરાગ્યમાં રાગ-દ્વેષથી પર અનાસક્ત વૃત્તિ, વ્યક્તમાં અવ્યક્ત ભાવ તથા વ્યક્તિ, વસ્તુ કે વૈભવના આકર્ષણથી મુક્તિની અવસ્થા છે.

## બેહદના વૈરાગ્યની કેમ આવશ્યકતા છે?

મનને બંધનમુક્ત બનાવવા માટે બેહદનો વૈરાગ્ય અતિ આવશ્યક છે. વિકારોથી મુક્ત થવા માટે ઊંડો વૈરાગ્ય જરૂરી છે. અનાસક્ત ભાવ, લગાવ-ઝુકાવ-પ્રભાવ મુક્ત અવસ્થા જ પરમાત્માની સમીપતા અનુભવ કરાવે છે.

પિતાશ્રી બ્રહ્માના બેહદ વૈરાગ્ય સર્વ માટે શ્રેષ્ઠ ઉદાહરણ છે. પરમાત્માએ આપેલા જ્ઞાનના આધારે વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેટલાક સમય માટે કાશ્મીર પણ જતા રહ્યા. એકાંતમાં તપસ્યા પણ કરી. પણ જયારે સાચા અર્થમાં મહેસુસ કર્યું કે વિશ્વ કલ્યાણ માટે એકાંતની સાથે સાથે સૌનો સાથ-સહકાર પણ આવશ્યક છે. તેથી પરમાત્માના આદેશ મુજબ ઘર-ગૃહસ્થમાં રહી વૈરાગી જીવન જીવ્યા. બ્રહ્માબાબાએ પોતાની ચલ-અચલ સંપત્તિ પરિવારના સંમતિથી ટ્રસ્ટને સોંપી દીધી. અદ્ભુત વાત એ હતી કે ટ્રસ્ટમાં પોતે કોઈ હોદ્દો સ્વીકાર્યો નહી તેમજ પોતાના પરિવારના કોઈ પણ સભ્યો ને ટ્રસ્ટમાં કોઈ હોદ્દા પર રાખ્યા નહિ. આ છે જ્ઞાનયુક્ત વૈરાગ્ય. પોતાની સંપત્તિ હોવા છતાં આનાસક્ત ભાવ રાખી મારાપણાથી પર રહ્યા. એટલું જ નહી તેઓએ પૈસાને અંતિમ ક્ષણો સુધી સ્પર્શ પણ નથી કર્યું. બ્રહ્માવત્સો માટે રહેવા-ખાવાની સંપૂર્ણ વ્યવસ્થા કરી પણ પોતે અંતિમ સમય સુધી ઝુપડીમાં જ રહ્યા. 92 વર્ષની ઉમરે પણ કોઈ આશરો કે આધાર લીધો નથી. એક તરફ અશરીરી બની શરીરને ભૂલવાનો અભ્યાસ કર્યો અને બીજી તરફ શરીરની સંભાળ પણ કરી. શારીરિક સ્વાસ્થ્ય માટે રમત રમવી, ચાલવા જવું, માલીશ કરવી, પિકનિકનું આયોજન વગેરે કર્યું.

તેઓ પરિવાર સાથે રહ્યા, સૌને માર્ગદર્શન પણ કર્યું, સૌને પ્રેમ પણ આપ્યો. જે ભાઈ-બહેનો

મધુબન આવતા હતા તેમની ખુબ જ દિલથી સેવા કરી, વિશ્વવ્યાપી સંસ્થાની આચારસંહિતા, નિયમ મર્યાદા, બંધારણના ઘડવૈયા પણ બન્યા. હજારો માતા-બહેનોને પ્રશિક્ષણ પણ આપ્યું. તેમ છતાં પોતાની જાતને ગુપ્ત રાખ્યા.

અદ્ભુત વાત તો એ છે કે જયારે જશોદા માતાએ મુંબઈમાં પોતાના નશ્વર શરીરનો ત્યાગ કર્યો. આ સમાચાર બ્રહ્માવત્સોએ બ્રહ્માબાબા સુધી પહોંચાડ્યા. માનવીય દૃષ્ટિએ જોવામાં આવે તો આ ક્ષણ દુઃખ, વિયોગ અને શોકની હોઈ શકે, પરંતુ બ્રહ્માબાબા આ પ્રસંગે પણ પોતાની બેહદની વૈરાગી વૃત્તિમાં અડગ રહ્યા.

સમાચાર સાંભળતાં જ બ્રહ્માબાબાના ચહેરા પર કોઈ શોક કે આઘાતની છાયા દેખાઈ નહોતી. તેમનું ચિત્ત સ્થિર, ચેતના પરમાત્મા સાથે જોડાયેલી અને દૃષ્ટિ સંપૂર્ણપણે આત્મિક હતી. તેમણે બ્રહ્માવત્સોને સ્પષ્ટ અને શાંતિભર્યો સંદેશ આપ્યો કે – 'ત્યાંજ માતાજીના અંતિમ સંસ્કાર કરી લેશો.' આ વાક્યમાં નિષ્ઠુરતા નહીં, પરંતુ આત્મિક જ્ઞાનની પરાકાષ્ઠા પ્રતિબિંબિત થતી હતી. બ્રહ્માબાબા માટે સંબંધ દેહ આધારિત નહોતાં, પરંતુ આત્મા આધારિત હતા. દેહ વિનાશી છે અને આત્મા અવિનાશી છે – આ સત્ય તેમને માત્ર જાણીતું નહોતું, પરંતુ પૂર્ણ રીતે જીવનમાં ઉતારેલું હતું. આ પ્રસંગ દર્શાવે છે કે બ્રહ્માબાબા કોઈ સામાન્ય વૈરાગી નહોતાં. તેઓ લોકિક સંબંધોની ફરજોથી ભાગી ગયા નહોતાં, પરંતુ પરમાત્મા દ્વારા મળેલી દૃષ્ટિમાં સમગ્ર માનવજાતને એક પરિવાર તરીકે જોતા હતા. જશોદા માતાના શરીર ત્યાગના પ્રસંગે બ્રહ્માબાબાની પ્રતિક્રિયા તેમની અલૌકિક અવસ્થા, અડગ શ્રદ્ધા અને બેહદના વૈરાગ્યનું અમર ઉદાહરણ બની રહી – જે આજે પણ બ્રહ્માવત્સો માટે પ્રેરણાસ્રોત છે.

બ્રહ્માબાબાની બેહદની વૈરાગી વૃત્તિ બ્રહ્માવત્સો માટે માત્ર આદર્શ નથી, પરંતુ જીવન ઉન્નતિનું એક શ્રેષ્ઠ સાધન છે. બ્રહ્માવત્સો આ સત્યને જાણે છે, સ્વીકારે છે અને વખાણે છે – છતાં પણ જીવનમાં જ્યારે વ્યવહાર આવે છે ત્યારે બેહદ વૈરાગ્યમાં ક્યાંક ને ક્યાંક કમી અનુભવાય છે. આ વિસંગતિની પાછળ કેટલાક સૂક્ષ્મ પરંતુ મહત્વપૂર્ણ કારણો છુપાયેલા છે.

**1. જ્ઞાન છે, પરંતુ સંસ્કાર સુધી પહોંચ્યું નથી -** ઘણા બ્રહ્માવત્સો માટે વૈરાગ્ય બૌદ્ધિક સમજ બની રહે છે. જ્ઞાન સાંભળ્યું છે, વાંચ્યું છે, પરંતુ તે સંસ્કારરૂપે સ્થિર થયું નથી. પરમાત્મા શિવ પિતા કહે છે કે બચ્ચે સોચતા સ્વરૂપ બને હૈ. જ્યાં સુધી જ્ઞાન સંસ્કારમાં રૂપાંતરિત ન થાય, ત્યાં સુધી પરિસ્થિતિ આવે ત્યારે જૂના લોકિક સંસ્કારો જ પ્રબળ બની જાય છે.

**2. સૂક્ષ્મ મમત્વ અને અપેક્ષા -** બેહદ વૈરાગ્યનો સૌથી મોટો વિરોધી છે – 'હું તો વૈરાગી છું, પરંતુ...' આ 'પરંતુ' માં વ્યક્તિ પ્રત્યેની અપેક્ષા, માન-સન્માનની ઈચ્છા, મારી વાત માનવામાં આવે એવી લાગણી, 'મારું' અને 'હું' નો સૂક્ષ્મ ભાવઆ બધા સૂક્ષ્મ બંધનો છુપાયેલા હોય છે, જે વૈરાગ્યને અધૂરું રાખે છે.

**3. વ્યવહાર અને અવસ્થા વચ્ચેનું અંતર -** બ્રહ્માબાબાની વૈરાગ્ય વૃત્તિ અવસ્થામાંથી ઉદ્ભવતી હતી, જ્યારે બ્રહ્માવત્સો ઘણી વાર વૈરાગ્યને 'કરવાનું છે' એ રીતે અપનાવે છે. અવસ્થામાં સ્થિરતા વગર માત્ર વ્યવહાર બદલવાથી બેહદ વૈરાગ્ય સ્થાયી બની શકતું નથી.

**4. પરમાત્મા સાથેનો સંબંધ અનુભવ નહીં, માત્ર સ્મૃતિ -** બ્રહ્માબાબા માટે પરમાત્મા

અનુભવનો આધાર હતા. બ્રહ્માવત્સોમાં ઘણી વખત સ્મૃતિ છે, શ્રદ્ધા છે – પરંતુ સતત અનુભવની ઊંડાઈમાં કમી રહે છે. જ્યાં અનુભવ કમજોર થાય છે, ત્યાં લૌકિક આધાર આપોઆપ મજબૂત થઈ જાય છે.

**5. તપસ્યાની જગ્યાએ સહેલાઈ પસંદ થવી -** બેહદ વૈરાગ્ય સ્વાભાવિક રીતે આવતું નથી–

તે માટે આત્મ-નિરીક્ષણ, સ્વ-પરિવર્તન, અને સૂક્ષ્મ તપસ્યા જરૂરી છે. પરંતુ ઘણી વાર સેવા, વ્યવહાર અને પ્રવૃત્તિમાં વ્યસ્તતા આવી જાય છે અને આંતરિક સાધના પાછળ રહી જાય છે.

બેહદ વૈરાગ્યને જીવનમાં ઉતારવાના ઉપાય

**1. 'જાણું છું' થી 'જીવું છું' તરફની યાત્રા -** બાબા કહે છે કે દરરોજ એક પ્રશ્ન પોતાને પૂછવો – 'આજે મારી કઈ પરિસ્થિતિમાં હું બ્રહ્માબાબા સમાન બેહદનો વૈરાગ્ય રહી શક્યો?' આ સ્વ-ચેકિંગ વૈરાગ્યને સંસ્કાર બનાવે છે.

**2. સૂક્ષ્મ 'હું' અને 'મારું' છોડવાની સાધના -** દરરોજ કોઈ એક વાતમાં અપેક્ષા છોડવી, અધિકાર ભાવ છોડવો, માનની ઈચ્છા ત્યાગવી, આ સૂક્ષ્મ ત્યાગ જ બેહદ વૈરાગ્યનું દ્વાર ખોલે છે.

**3. અવસ્થાને પ્રથમ સ્થાન -** દાદી જાનકી જી હમેશા કહેતા હતા પહેલા અવસ્થા પછી સેવા. અનુભવ કહે છે કે વ્યવહાર બદલવા પહેલાં અવસ્થા મજબૂત કરવી – શાંતિ, સ્થિરતા અને સાક્ષીભાવ. જ્યાં અવસ્થા ઊંચી હશે, ત્યાં વૈરાગ્ય પ્રયત્ન વગર પ્રગટ થશે.

**4. પરમાત્મા સાથેના બધા સંબંધને અનુભવરૂપ બનાવવો -** પરમાત્મા આધાર, સાથી, માર્ગદર્શક અને સર્વસ્વ અનુભવને માત્ર મેડિટેશનમાં જ નહીં, પરંતુ દિવસભર સ્મૃતિમાં જીવંત રાખવો.

**5. બ્રહ્માબાબાને ફોલો કરવું -** બાબા હંમેશા મુરલીઓમાં કહેતા આવ્યા છે કે બ્રહ્મા બાબાને ફોલો કરો. હમેશા ચેક કરો કે આવી પરિસ્થિતિમાં બ્રહ્મા બાબા હોત તો તેઓ શું કરત? આ પ્રશ્ન પૂછવાથી દરેક પ્રશ્નનો ઉત્તર ઉકેલી શકાશે અને બ્રહ્મા બાપ સમાન બેહદની વૈરાગ્ય વૃત્તિ જીવનમાં અનુભવાશે.

બ્રહ્મા બાબાની બેહદ વૈરાગ્ય વૃત્તિ કોઈ ક્ષણિક નિર્ણય કે પરિસ્થિતિજન્ય પ્રતિક્રિયા નહોતી; તે તેમની આત્મિક અવસ્થાની સહજ પ્રત્યક્ષતા હતી. લૌકિક બંધનો, સંબંધો કે સંજોગો તેમની અવસ્થાને હલાવી શકતા નહોતા, કારણ કે તેમનો આધાર દેહ, દેહના સંબંધો કે દૈહિક દુનિયા નહી, પરંતુ પરમાત્મા પર સ્થિર હતો. તેથી જ અનેક પરિસ્થિતિઓ, વિઘ્નો કે સમસ્યાઓમાં તેમની દૃષ્ટિ સમાન, શાંત અને સાક્ષીભાવથી ભરેલી રહેતી.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 30નું અનુસંધાન)...

જે મનુષ્ય કર્મેન્દ્રિયોના રસનો ગુલામ છે એ માયાને કઈ રીતે ગુલામ બનાવી શકશે? કર્મેન્દ્રિયોની આધીનતા મનુષ્યોની આંચરિક શક્તિઓને નષ્ટ કરી દે છે. તમારે તો સમગ્ર વિશ્વના અધિકારી બનવાનું છે. જો તમે કર્મેન્દ્રિયોના રસમાં લિપ્ત રહશો તો, એકરસ સ્થિતિના રસનો આનંદ કદાપિ લઈ શકશો નહીં. એટલે જિહ્વા રસનો ત્યાગ કરો, કર્ણ રસનો ત્યાગ કરો અને દૃષ્ટિ દ્વારા સુંદરતા નિહાળવાનું છોડી દો. વિચાર કરો, આ ક્ષણિક ખુશી માટે શું તમે અનંત કાળની પ્રાપ્તિઓથી વંચિત નહીં રહી જાઓ? ॥ઓમશાંતિ॥

### જ્ઞાન પરબ

# કોણ છે આ - પ્રપિતામહ બ્રહ્મા

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના આદ્યસ્થાપક દાદા લેખરાજજી કોઈ સામાન્ય મનુષ્ય નહોતા, પરંતુ સમસ્ત સંસારની સૌથી મોટી હસ્તી અને વિશ્વની સૌથી મોટી વિભૂતિ હતા. તેઓ ભગવાનની સૌથી પ્રથમ રચના, પ્રથમ પુત્ર, પૂર્વજ, અગ્રજ, પ્રથમ યુગ પુરુષ, આદિ દેવ, આદિ નારાયણ, આદિનાથ, બાબા આદમ, એડમ, પુરુષોત્તમ હતા. જેમના તનનો આધાર લઈને પરમપિતા પરમાત્મા પ્રેમની અલૌકિક સૂક્ષ્મ રશ્મીઓ સમસ્ત જગતમાં ફેલાવતા, જેમને સ્વયં પરમાત્માએ જ બ્રહ્મા નામ આપ્યું હતું.

તેઓ સંસારની બધીજ મનુષ્ય જાતિના પિતા, તેમજ બધા જ ધર્મ સ્થાપક ઈસુ ખ્રિસ્ત, મહમદ પેગંબર, મહાવીર સ્વામી, ગૌતમ બુદ્ધ, ગુરુનાનક વગેરે ધર્મ પિતાઓના પણ પિતામહ છે. દરેક દેશના રાષ્ટ્રપિતાઓ, 33 કરોડ દેવી-દેવતાઓ, પ્રાચીન ઋષિમુનિઓ, ધર્મગુરુઓ, રાજા મહારાજાઓ, રાજકીય નેતાઓ, અભિનેતાઓ, વૈજ્ઞાનિકો, વિચારકો, તત્વ-ચિંતકો, આ સર્વેના પણ આદિ પિતા પ્રજાપિતા બ્રહ્મા છે. જેમ પિતાઓના પિતા પરમપિતા કહેવાય તેમ દરેક માતાઓ લક્ષ્મી માતા, સરસ્વતી માતા, અંબા માતા, કાળકા માતા, દુર્ગા માતા, આ સર્વે માતાઓની પણ માતા, સમસ્ત બ્રહ્માંડની બધી જ માતાઓની માં, બ્રહ્મ મા, એ બડી માં છે. જેમને પરમપિતા પરમાત્માએ પોતાની વન્નની અર્થાત્ પત્ની બનાવી તેમના મુખ કમલ દ્વારા બ્રાહ્મણોને અલૌકિક જન્મ આપ્યો.

આ બ્રહ્મા એ જ ભગીરથ રાજા છે જેમણે પોતાના હજારો પુત્રોના ઉદ્ધાર માટે, જેઓ વિકારોની અગ્નિમાં ભસ્મિભૂત થઈ, મૂર્છિત થઈ ગયા હતા, તેમને આ ધરતી પર જ્ઞાનગંગા વહાવીને, જ્ઞાન અમૃતની વર્ષા કરી સુરજીત કર્યા.

આ એજ ભાગ્ય લખનાર ભાગ્યવિધાતા બ્રહ્મા છે જેમણે બ્રહ્મજ્ઞાન આપીને અનેક મનુષ્યોની ભાગ્યની રેખા બદલી છે. જેમના દ્વારા અલ્લાહ અને આદમ આ બંનેની પાલના બ્રહ્મા મુખ વંશાવલી બ્રાહ્મણ બાળકોને મળી રહી છે.

આપણને રથમાં બેઠેલા અર્જુનને ભગવાન પાસેથી ગીતા જ્ઞાન સાંભળતો ફોટો ઘણી જગ્યાએ જોવા મળે છે. આ એજ બ્રહ્માનો દેહ રૂપી ભાગ્યશાળી રથ છે જે રથમાં પરકાયા પ્રવેશ કરી સ્વયં ભગવાન ગીતા જ્ઞાન આપે છે તથા સ્વયં યોગેશ્વર ભગવાન યોગ શીખવાડે છે. આ એજ સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા છે કે જેમનું દુનિયામાં નવસર્જન કરનાર મિસ્ત્રી, સોની, લુહાર, સુથાર, કડિયા, કુંભાર વગેરે વિશ્વકર્માના રૂપે ગાયન પૂજન કરે છે. બ્રહ્માજીના હાથમાં ચાર વેદ અને શાસ્ત્રો હોય છે, કારણ કે આ એજ કૃષ્ણની આત્મા છે જે ગીતા, ઉપનિષદ, વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, કુરાન, બાઈબલ, ધર્મપદ, ગુરુવાની વગેરે શાસ્ત્રોનો સાર, પોતાની જ્ઞાન રૂપી મુરલીમાં સંભળાવે છે. વેદ માતા ગાયત્રીને વેદોનું જ્ઞાન આપનાર તેમજ જ્ઞાનની દેવી સરસ્વતીને પણ આધ્યાત્મિક જ્ઞાન આપનાર, આ અલૌકિક પિતા એજ બ્રહ્માજી છે.

બધા જ શિવાલયોમાં શિવલિંગની સામે બેઠેલા નંદી એ બ્રહ્માજીનું જ પ્રતીક છે. આ

બ્રહ્માજીના જ દેહમાં, પરકાયા પ્રવેશ કરી, નિરાકાર શિવ અવતરીત થઈને તેમનો વાહન તરીકે ઉપયોગ કરે છે. આ નંદીના કાનમાં ભક્ત લોકો, પરમાત્મા માટેનો પોતાનો સંદેશ સંભળાવે છે અને બ્રહ્મા અર્થાત્ નંદી દરેક ભક્તગણનો સંદેશ પરમાત્મા સુધી પહોંચાડે છે.

આ બ્રહ્મા એજ મનુ ભગવાન છે કે જેઓ સૃષ્ટિના પ્રલય કાળે, પવિત્ર સતોપ્રધાન આત્માઓને બચાવવા માટે આબુ પર્વત ઉપર મધુબન અર્થાત્ મનુની નાવ કે બાબા આદમનું જહાજ બનાવીને સર્વેને ભવસાગર પાર કરાવે છે અને નવી સતયુગી સૃષ્ટિની સ્થાપના કરે છે. આ બ્રહ્માની આત્મા જ વિષ્ણુના જુદા-જુદા અવતાર - રામ, કૃષ્ણ, ગૌતમ બુદ્ધ, રાજા વિક્રમ વગેરે લઈને ચોર્યાસી જન્મો સુધી આપણી સાથે પાલનહાર તરીકે રહી પાલના કરે છે. આ બ્રહ્મા એજ વિષ્ણુના અંતિમ કલકી અવતાર છે જેમને સૃષ્ટિ પરિવર્તનનું ભગીરથ કાર્ય કરવા છતાં બહેનો અને માતાઓને ભગાડી જાય છે અને દ્રષ્ટિથી જાદુ કરે છે, તેવા અનેક કલંકોનો સામનો કરવો પડ્યો.

આ એજ બ્રહ્માના તનમાં રહેલી શ્રીકૃષ્ણની આત્મા છે, જેનું આપણે જન્મો જનમથી ભક્તિમાર્ગમાં ગાયન કરતા આવ્યા છીએ કે, ‘ગોપાલ મારો પારણિયે ઝૂલે રે’. જેને આપણે અનેક ભિન્ન ભિન્ન પ્રકારના પારણાઓ બનાવીને ઝુલાવ્યા. કોઈવાર સુકામેવાના તો કોઈવાર ચલણી નોટોના, કોઈવાર ફળોના તો કોઈવાર શાકભાજીના હિંડોળા બનાવીને આપણે તેમને પારણામાં ઝુલાવ્યા છે. આપણે આ નટખટ કાનાને રૂપ પરિવર્તનના કારણે ઓળખી શક્યા નથી. આ એ જ કનૈયાની આત્મા છે જેને આપણે અનેક જન્મોથી લાલો લાલો કરીને લાડ લડાવતા આવ્યા છીએ. જે કૃષ્ણની લીલા કે રામલીલા જોઈને આપણે ધન્ય-ધન્ય થઈ જતા હતા તે જ કૃષ્ણની આત્મા બ્રહ્માના શરીરમાં બિરાજમાન છે. આપણે સૌ ગોપીઓના દેહરૂપી વસ્ત્રોને ચોરનાર અર્થાત્ દેહનું ભાન ભુલાવી દેહી અભિમાની બનાવનાર આ નંદકુવર નાનો છે, લલ્લુ ગોપાલ છે. ચારેય યુગોનું જ્ઞાન આપી સૃષ્ટિચક્રમાં સ્વયંનું આત્મદર્શન કરાવનાર આ સ્વદર્શન ચક્રધારી બ્રહ્મા છે. જેણે કાલી નાગ અર્થાત્ પાંચ વિકારોને વશ કરી તેની ઉપર અતીન્દ્રિય સુખમાં આવી નૃત્ય કર્યું હતું તે જ આ શામળિયો છે. અકાસુર બકાસુરને મારનાર અર્થાત વિકારો રૂપી અસુરોને હણનાર, વિશ્વ શાંતિ માટે પરમાત્માના શાંતિદૂત બનનાર, પરમાત્માથી પ્રીત બુદ્ધિ પાંડવોના પંડા અર્થાત્ ગાઈડ બનનાર, બંધનવાળી દ્રોપદીઓના ચીર પુરનાર, ગરીબ સુદામાઓના મિત્ર ગરીબનવાઝ એવા શ્રીકૃષ્ણની આત્મા જ આ બ્રહ્માના તનમાં બિરાજમાન છે. શ્રીકૃષ્ણ, દ્વારિકાધીશ, જગન્નાથજી, રણછોડરાય, તિરુપતિ, શ્રીનાથજી કે જેમની આપણે મંદિરોમાં અનેક જન્મો સુધી પૂજા કરી એજ કાનુડાએ બ્રહ્માના તનમાં આવીને આ અદભુત લીલાઓ કરી. મુરલીધર, બંસીધર, વેણુ ગોપાલ, પીળા પીતાંબરધારી, બાલ ગોપાલ, યોગેશ્વર, નારાયણ, શામળિયો, મોહન, ગોપેશ્વર આ સર્વેની આત્મા એ જ બ્રહ્માની આત્મા છે.

અનેક જન્મોથી શ્રીકૃષ્ણની આપણે આઠે પ્રહરમા જુદા-જુદા કર્મની પૂજા કરતા આવ્યા, તેમને ઉઠાડવા, દાતણ કરાવવું, નવડાવવું, સુવડાવવા વગેરે દૈનિક ક્રિયાઓ કરાવી તે આ શ્રીકૃષ્ણ આત્મા એજ આ બ્રહ્માની આત્મા છે. આ કારણે જ બ્રહ્માજીને વિષ્ણુની નાભિમાંથી નીકળતા કમળમાં ઉત્પન્ન થયેલા બતાવવામાં આવે છે. આ

**(અનુસંધાન પેજ નં. 12 પર)**

# ભગવાને મારી જીવન નૈયા પાર લગાવી

બ્ર.કુ. દલપતભાઈ, અંકલેશ્વર

મારો જન્મ ગુજરાતના ભરૂચ જિલ્લાના એક નાના ગામમાં મહેનતું ખેડૂત પરિવારમાં થયો. માત્ર પંદર વર્ષની ઉંમરમાં હું બીડી, સીગારેટ, દારૂમાં ફસાઈ ગયો. વીસ વર્ષની ઉંમરમાં પોલીસ બન્યો. અઠ્ઠાવીસ વર્ષ થતાં તમાકુ, બીડી, દારૂ, માંસાહારની નફરતવાળી જાળમાં ફસાઈ ગયો. વ્યસનોની આ જાળમાંથી મુક્ત થવા ઈચ્છતો હતો પણ મુક્ત થઈ શકતો નહોતો. સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડવા લાગી. હવે શું કરીએ.

બે પુત્ર અને એક પુત્રીનો બાપ બની ગયો. ચિંતા, અશાંતિ, ટેન્શન, નસા અને વિકારોથી મારું જીવન બરબાદ થઈ રહ્યું હતું. એનાથી મુક્ત થવા માટે ગાયત્રીમંત્રની સાધના શરૂ કરી પણ ગાયત્રી મંત્રનો અર્થ કયો થાય છે. તેની પણ ખબર નહોતી. પરિણામે એક બીડી પણ છોડી શક્યો નહીં. પછી હનુમાન ચાલીસાનું રટણ શરૂ કર્યું. હરસિધ્ધિ માતાની સાધનાના નામે ઉપવાસ કરવા લાગ્યો. દિવસ ભર પાણી પણ પીતો નહોતો. પરંતુ સાંજ પડતાં દારૂ પીતો. આ રીતે મારું જીવન દિશાહીન બનવા લાગ્યું.

### સેવાકેન્દ્રમાં જતાં જ શાંતિ અને શીતળતાનો અનુભવ થવા લાગ્યો

સન્ 1975ના અંતિમ દિવસોમાં રાજપીપળા શહેરમાં એક નાના ભાઈ દ્વારા મને સંદેશ મળ્યો કે ‘ધરતી ઉપર ભગવાન આવી ચૂક્યા છે.’ મેં આશ્ચર્યથી પૂછ્યું, ‘ક્યાં આવ્યા છે?’ એમણે કહ્યું કે શાકબજારની પાસે. સવારના સમયે ભાઈને લઈને ત્યાં પહોંચ્યો. જોયું તો આ બ્રહ્માકુમારીનો આશ્રમ છે. અહીંથી તો અમે દસ, બાર વાર પસાર થતા હતા. સેન્ટર બહાર શિવ, શંકર વગેરેનાં ચિત્રો, લાગેલાં હતાં. જે મુખ્ય રોડથી દેખાય દેતાં હતાં. બ્રહ્માકુમારી બહેનોને જોતો હતો તો એવું સમજતો હતો કે આ કોઈ મહિલાઓની સંસ્થા હશે. સેવાકેન્દ્રમાં જતાં જ શાંતિ અને શીતળતાનો અનુભવ થયો. બ્રહ્માકુમારી બહેનોના ચહેરા ઉપર પવિત્રતાની ચમક, ખુશી અને શાંતિ દેખાતી હતી. મને ઘણી ખુશી થઈ.

### મુક્તેશ્વર શિવબાબાની પ્રથમ દયા

સાત દિવસનો કોર્સ શરૂ કર્યો. ક્લાસ રૂમમાં કૃષ્ણની મૂર્તિ લાગેલી હતી. એક દિવસ જ્ઞાનનો કોર્સ કરાવનારી બહેને પૂછ્યું કે ‘તમે કોને ભગવાન માનો છો.’ મેં કહ્યું શ્રીકૃષ્ણને. બહેનજીએ કહ્યું, ‘સારું તો આપે કદી ભગવાનને માછલી, બીડી, દારૂનો પ્રસાદ ચઢાવ્યો છે? મારી અંદર સૂતેલો દેવતા જાગી ઉઠ્યો. કહ્યું, ભગવાનને આવો પ્રસાદ ધરાવવાનો સંકલ્પ પણ આવ્યો નથી. બહેનજીએ પૂછ્યું, જ્યારે આપણે ભગવાનની મૂર્તિને આવી ચીજોનો ભોગ ધરાવતા નથી, તો આપણે ભગવાનનાં બાળકો, ચૈતન્ય બાળકો આવી ગંદી ચીજો શા માટે આપણી અંદર નાંખીએ છીએ. આ વાત મારી અંદર નાંખીએ છીએ. આ વાત મારી અંદર સૂઈ રહેલી દિવ્ય બુધ્ધિએ પકડી લીધી. એકદમ આશ્ચર્ય સાથે બુધ્ધિમાં પ્રકાશ થયો. પછી તો પરિવાર સહિત નિયમિત સેન્ટર પર જઈને જ્ઞાન મુરલી તથા સહજ રાજયોગનો અભ્યાસ કર્યો. મનોબળ વધવા લાગ્યું. ઈશ્વરીય જ્ઞાનથી સત્ય, અસત્ય, પાપ, પુણ્ય, સારું ખોટું, ભગવાન કોણ? સુખ આપનાર કોણ આ વિવેક પ્રાપ્ત થયો. પંદર વર્ષની વ્યસન અને ખરાબ આદતોમાંથી મુક્ત થયો. હવે સ્વપ્નમાં પણ તે યાદ

આવતું નહોતું.

## પુત્રીને બ્રહ્માકુમારી બનાવવાનો નિર્દોષ સંકલ્પ

પછી તો પોલીસની નોકરી પણ કરતો રહ્યો અને શિવબાબા સાથે પણ જોડાયેલો રહ્યો. ત્રણે બાળકો પણ જ્ઞાનમાર્ગમાં ચાલવા લાગ્યા. એ વખતે મારી પુત્રીની ઉંમર માત્ર દોઢ વર્ષની હતી. બ્રહ્માકુમારી બહેનોનું જીવન પવિત્ર અને મુક્ત જોઈને મેં પણ એક નિર્દોષ સંકલ્પ લીધો કે હું પણ મારી પુત્રીને બ્રહ્માકુમારી બનાવીશ.

## ભગવાનનો સત્ય પરિચય

નોકરી દરમિયાન બદલી થતી રહી. પરંતુ મેં ભગવાનને છોડ્યા નહીં. મારી વિવેકશક્તિએ દૃઢતાથી સ્વીકાર કર્યો કે ભગવાન એમને કહેવાય. જે 1. સર્વધર્મોમાં માન્ય હોય, 2. સર્વનો ઉદય કરનારા હોય. 3. સર્વશક્તિમાન હોય અને 4. દુનિયાની સ્થાપના, પાલના અને વિનાશ કરાવવામાં સક્ષમ હોય. આ છે નિરાકાર પરમપિતા શિવ પરમાત્મા, જે બ્રહ્માબાબા દ્વારા નવી દુનિયાની સ્થાપના, વિષ્ણુ દ્વારા નવી દુનિયાની પાલના અને શંકર દ્વારા જૂની, પતિત દુનિયાનો વિનાશનું કાર્ય કરાવી શકે. બાકી શરીરધારી મનુષ્ય યા દિવ્યગુણધારી દેવતા આ કાર્ય કરાવી શકતા નથી.

## ત્રણે બાળકો સમર્પિત થયાં

જ્યારે પુત્રી આઠમું ધોરણ પાસ કરીને નવમા ધોરણમાં આવી તો માત્ર તેર વર્ષની ઉંમરમાં અમદાવાદની નારણપુરા સ્થિત હોસ્ટેલમાં દાખલ કરાવી દીધી. (જેનું સંચાલન મહાદેવનગર સબઝોન સંચાલિકા રાજયોગિની ચંદ્રિકાબેન કરતાં હતાં જ્યારે હોસ્ટેલના ઈન્ચાર્જ તરીકે બ્રહ્માકુમારી કમલબેન હતાં.)

પુત્રી આધ્યાત્મિક શિક્ષણની સાથે સાથે બી.એ. પાસ કરીને શિવબાબાના વિશ્વ પરિવર્તનના કાર્યમાં 1993માં સમર્પિત થઈ ગઈ. વર્તમાન સમયે દિલ્હી ઈસ્ટ પટેલ નગરમાં નિમિત્ત સંચાલિકા બ્ર.કુ. જયશ્રીબેન છે. ત્રણે બાળકો પવિત્રતામાં નંબર વન છે. આ વાતનો અમને માતાપિતાને ગર્વ છે. મારા લૌકિક પિતાજી મને કેટલીયે વાર કહેતા હતા. તે ત્રણ બાળકોમાંથી એકનાં લગ્ન કરાવી દીધાં હોત તો તેમનો વંશ વેલો ચાલતો રહે. મારાં બાળકો રજા મળે ત્યારે ઘરે આવતાં હતાં. પિતાજી પ્રસન્ન હતાં.

## બાબાની છત્રછાયામાં સદા નિશ્ચિંત જીવન

પોલીસ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતાં નિયમ - મર્યાદાઓનું પાલન કરાવવામાં શિવબાબાએ ઘણો સહયોગ આપ્યો. જ્યાં ગયો ત્યાં બાબા સેવા માટે નિમિત્ત બનાવતા હતા. 2006માં હું નોકરીમાંથી નિવૃત થયો. જિંદગીની શરૂઆત ચિંતાઓથી ભરેલી હતી. કે બાળકોને ભણાવવાં નોકરી, લગ્ન, મકાન વગેરેની વ્યવસ્થા કઈ રીતે કરી શકીશ. પરંતુ કોઈ જન્મનાં પુણ્યથી મારી ડૂબતી જીવન નાવ મુક્તેશ્વર, પાપકટેશ્વર શિવબાબાએ પાર કરાવી.

## સદા ખુશીના ઝૂલામાં ઝૂલતા રહો

મધુવનમાં ઓમશાંતિ ભવનના નિર્માણ કાર્યમાં મેં ચાલીસ દિવસો સુધી સેવા કરી. 18, જાન્યુઆરી, 1983માં ઓમશાંતિ ભવનના ઉદ્‌ઘાટન સમારંભમાં બાપદાદાએ સ્ટેજ ઉપર બોલાવીને એક મિનિટ સુધી હાથ મિલાવતાં વરદાન આપ્યું. ‘સદા ખુશીના ઝૂલામાં ઝૂલતાં રહો. સેવા દ્વારા ભાગ્ય બનાવનાર આત્મા છો.’

આમ બાબા, નિમિત્ત આત્માઓ અને પરિવારના સભ્યો, ઈશ્વરીય પરિવારના સહયોગથી મારું જીવન ધન્ય ધન્ય બની ગયું.

**॥ ઓમશાંતિ ॥**

# પ્રસંગ પરિમલ

## ભગવાનની અદાલત

ઘટના લગભગ વીસ વર્ષ પહેલાંની છે. મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લાના ગ્રામ કાંકરવાલામાં રાજસ્થાનથી ઘેટાંઓને લઈને આવી રહ્યા હતા. આ ગામ દૂધી નદીના તટ પર વસેલું છે. ગામની ઉત્તર દિશા બાજુ નદીમાં એક ઊંડું સ્થાન છે. જ્યાં વૈશાખ - જેઠ માસમાં પણ પાણી સૂકાઈ જતું નથી. ત્યાં મારા બે મામાના દીકરા મારા ભાઈ લક્ષ્મીનારાયણ અને અનોખીલાલ ભેંસોને પાણી પીવડાવવા માટે લઈ ગયા હતા. એ વખતે લગભગ 500 ઘેટાઓનું ટોળું પણ નદીમાં પાણી પીવા આવ્યું હતું. આ બન્ને ભાઈઓએ ઘેટાં ચરાવનારની નજર બચાવીને ઘેટાનું એક બચ્ચું પકડી લીધું.

ઘેટાંઓનું ટોળું પાણી પીને આગળ વધી રહ્યું હતું. ઘેટાનું બચ્ચુ પણ ઘેટાઓના ટોળામાં જવા માટે જ્યારે ભાગી રહ્યું હતું ત્યારે એ બચ્ચાને પકડીને બચ્ચાના પાછળના બે પગ એ ભાઈઓએ તોડી દીધા. જેથી તે ભાગી ના શકે. બચ્ચું નદીના કિનારે પડી રહ્યું હતું. પછી બે ભાઈઓએ ભેંસોને બાંધીને સાંજે સાત વાગે માંસાહારી વ્યક્તિને પચાસ રૂપિયામાં ઘેટાનું બચ્ચું આપી દીધું. વાત એ છે કે બન્ને ભાઈઓએ બચ્ચાના એક એક પગ તોડ્યા હતા જેની સજા સૌથી મોટામાં મોટા ન્યાયાધીશ ભગવને એને આપી દીધી. અનોખીલાલ સન્ 2004 ઈ.સ.ના ઓગસ્ટ માસમાં બળદ લઈને કૂવાથી ઘેર આવી રહ્યો હતો. તો એક બળદે એને એવી લાત મારી કે એના પગ તૂટી ગયા, બળદ ઘરે આવી ગયા. ગામના લોકો ગયા અને તેને ખાટલામાં સુવાડીને એને ગામમાં લઈને આવ્યા અને જીપ દ્વારા મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ લઈ ગયા. ત્યાં તેનો ઈલાજ થયો. પગમાં સ્ટીલની પટ્ટી નાખવામાં આવી. એનોખીલાલનું કથન છે કે પરમાત્માએ મારો કેટલોક હિસાબ તો આ જન્મમાં જ બરાબર કરી દીધો. મને પગમાં સ્ટીલનો સળિયો નાંખ્યો છે. તે સૌને ખબર છે. આ રીતે એપ્રિલ માસ સન્ 2005 ઈ.સ. માં બીજી ઘટના લક્ષ્મીનારાયણ સાથે બની. એનો પણ સીધો પગ મોટર સાયકલથી તૂટી ગયો. તે માંડ માંડ બચ્યો. એનો પણ હોસ્પિટલમાં ઈલાજ થયો. તેને પણ પગમાં સ્ટીલનો સળિયો નાંખવામાં આવ્યો. લક્ષ્મીનારાણનું પણ કહેવું છે મેં ઘેટાના બચ્ચાનો પગ તોડ્યો હતો તેની સજા ભગવાને આજ જન્મમાં આપી. ભગવાનની અદાલતના નિર્ણયનો અમે બન્ને સ્વીકાર કરીએ છીએ. એ ઘેટાના બચ્ચાને મોતના હવાલે કરવાની સજા નક્કી આગળ મળવાની છે. કારણ કે ભગવાનની અદાલતમાં મોડું ભલે થતું હોય, પણ અંધેર નથી.

## ઈમાનદારી

ઘટના 17 નવેમ્બર સન્ 2008 ઈ.સ ની છે. મારે મારા કસ્બા થાનાગાજીથી અલવર (રાજસ્થાન) જવાનું હતું. અને મીની બસમાં મેં પાકીટ જોયું તો એમાં પૈસા નહોતા. ખૂણો ફેંદી વળ્યા. પરંતુ પૈસા મળ્યા નહીં. પૂજાગૃહમાં ઈષ્ટદેવ ભગવાન શ્રીરામના ચરણોમાં બેસીને બહુ આર્તનાદ કર્યો અને પ્રાર્થના કરી. ભગવાન્ જો આ પૈસા મારી ઈમાનદારીના હોય તો મને અવશ્ય મળી જાય.

વીમાની રકમ ભરવાનો આજે છેલ્લો દિવસ હતો. મેં અહીં તહીંથી પૈસાની વ્યવસ્થા કરી અલવર જઈને કામ પૂરું કર્યું. ભગવાનનું સ્મરણ કરતો પાછો ઘરે આવ્યો. પણ કંઈ મળ્યું નહીં.

ધર્મપત્ની પણ પૂજા ગૃહમાં જઈને ભગવાનની આગળ રડવા લાગી. પરમપિતા પરમેશ્વરે અમારી સાચી પુકાર સાંભળી. કેટલાક સમય પહેલાં ધોબીનો પુત્ર કપડાંને ઈસ્ત્રી કરવા લઈ ગયો હતો. એણે વસ્ત્રો ગણાવ્યાં અને મારાં પત્નીને પૂછ્યું કે કહ્યું કે અમે સવારથી પરેશાન છીએ. જો કંઈ મળ્યું હોય તો બતાવી દો.

છોકરાએ રૂ. 500ની 44 નોટ આપીને કહ્યું કે પ્રેસ કરવા માટે આપેલાં એક કૂર્તાના ખિસ્સામાં 22,000 રૂ. જોઈને મારી માતાએ મને કપડાં અને રૂપિયા આપીને કહ્યું કે એમની પુત્રવધૂની તબિયત ખરાબ છે. આ ઘટનાથી તેઓ વધારે પરેશાન થઈ જશે. તૂં જલ્દી જઈને રૂપિયા આપી આવ.

હું કઈ રીતે ભૂલી શકું. એ બહેનના અપાર પ્રેમ અને ઈમાનદારીને સાચા દિલથી કરેલ પ્રાર્થનાને ભગવાન અવશ્ય સાંભળે છે.

## ઈમાનદારી સૌથી ઉપર છે.

સન્ 1976 ઈ.સ.ની આ ઘટનાને આજે લગભગ 44 વર્ષ થઈ ગયાં. પરંતુ એ સજ્જનની ઈમાનદારી હજુ પણ યાદ આવે છે.

મેં સરકારી નોકરીમાંથી રાજીનામું આપીને પ્રાઈવેટ કંપનીમાં મેડિકલ રિપ્રેજેન્ટેટિવની નોકરી સ્વીકારી લીધી હતી. કારણ કે એ સમયે સરકારી નોકરીમાં વેતન ઓછું હતું.

આ સંદર્ભમાં કાર્યવશ હું એક નાનકડા કસ્બા સનાવદ ગયો હતો. ત્યાં સુલેમાન નામની એક વ્યક્તિ પાસેથી મેં સાયકલ ભાડે લીધી અને પોતાનું કાર્ય પૂર્ણ કરીને અર્થાત્ પોતાની કંપનીની દવાઓનો ડોક્ટરો- વૈદ્યોમાં પ્રચાર કરીને જૂના પૈસા મેળવીને સાયકલવાળાનો સાયકલ જમા કરાવી દીધી. અને સાયકલનું ભાડું આપી દીધું. પાછા ફરવાની બસ આવવાની વાર હતી. તેથી ત્યાં બેસીને પૈસા ગણવા લાગ્યો. એ વખતે બસ આવતી દેખાઈ. હું જે પૈસા ગણી રહ્યો હતો તેને ખિસ્સામાં મૂકી દીધા અને બસ પકડવા ચાલ્યો પણ ઊતાવળમાં નોટોનું એક બંડલ બેંચ પર જ રહી ગયું હતું.

હું બસમાં બેસી ગયો. બસ ઉપડવામાં બે મિનિટની વાર હતી. ત્યારે સુલેમાનભાઈ દોડીને મારી બસમાં આવી ગયા અને નોટોનું બંડલ (જે એક માસના વેતન બરોબર હતું.) પાછું આપીને બોલ્યા - બાબુ સાહેબ, તેને તમે ભૂલી ગયા હતા. એમ કહીને મારા પ્રતિભાવની રાહ જોયા વગર જલ્દીથી બસમાંથી ઊતરી ગયા બસ ચાલવા લાગી. હું ઈમાનદારીનો એ સાક્ષાત્ મૂર્તિને જોતો રહ્યો. પાછળથી મારી એમની સાથે જીવનપર્યંત મિત્રતા રહી. મારો દૃઢ મત છે. ઈમાનદારીનો ગુણ અસાધારણ ઉપલબ્ધિ છે. જે સર્વથી ઊંચો છે.

## અધિકારીનું વાસ્તવિક સ્વરૂપ

રાયકાભાઈ રબારીની નીતિમત્તા સમગ્ર દેશમાં પ્રસિદ્ધ છે. એમાના જેવી વ્યવહારકુશળ અને પ્રામાણિક વ્યક્તિ મળવી મુશ્કેલ છે. એટલે કોઈએ મહારાજ મલ્હારરાવ હોલ્કર મળીને કહ્યું કે આપ એમને પોતાના અધિકારી બનાવી લો. તો સાચા અર્થમાં પ્રામાણિકતાનો પ્રચાર દેશમાં થશે.

આ વાત મહારાજના ગળે ઊતરી અને એના ઉપર વિચાર થયો. રાયકાભાઈ આમેય ઈમાનદાર વ્યક્તિ છે અને આવી સુંદર તક મળી જાય તો, પછી તો શું કહેવાનું? થોડા જ સમયમાં એમની સફળ અધિકારીની છાપ સંપૂર્ણ દેશમાં પડી ગઈ. પરંતુ અન્ય અધિકારીઓએ રાયકાભાઈની વિરુદ્ધ કાન ભંભેરણી શરૂ કરી.

દરરોજ સાયંકાળે નગરની બહાર એક ઝૂંપડીમાં રાયકાભાઈ આવતા. આ એમનો નિત્ય ક્રમ હતો. એમાં કોઈ દિવસ નિયમભંગ થતો નહોતો. અન્ય અધિકારીઓને આ બહાનું મળી

ગયું. દરરોજની ફરિયાદોથી મહારાજને પણ શંકા ગઈ કે દરરોજની ફરિયાદોથી મહારાજને પણ શંકા ગઈ કે દરરોજ ગામની બહાર આ ઝૂંપડીમાં જવાનું કારણ શું છે?

એક દિવસ અધિકારીઓની સાથે જ એમણે રાયકાભાઈનો પીછો કર્યો. સૌ ચારે બાજુ છુપાઈ ગયા અને જેવા રાયકાભાઈ ઝૂંપડીમાંથી બહાર આવ્યા, ત્યાં જ મહારાજ મલ્હારરાવે કહ્યું, 'સંપત્તિ છુપાવવા માટે અહીં સુધી આવવું પડે છે.'

રાયકાભાઈ તો ચતુર વ્યક્તિ હતા. એમણે ઉત્તર આપ્યો - 'સંપત્તિ છુપાવવા નહીં, છુપાવેલી સંપત્તિની જાણ મેળવવા અહીં આવવું પડે છે.

મહારાજને આશ્ચર્ય થયું. એક અધિકારીનું આટલું સાહસ ? અને એના ઉપર પ્રત્યુત્તર? એમણે આંખો કડી કરી. 'ચાલો અધિકારી મહોદય, બતાવો કે આ છુપાવેલી સંપત્તિ, હું પણ જોઉં કે મારા અધિકારીગણ કેવા પ્રકારની સંપત્તિ સંગ્રહ કરે છે અને કઈ રીતે સુરક્ષિત કરે છે.

સૌ અંદર ગયા અંદર એક બોક્ષ હતું. રાયકાભાઈએ એને ખોલ્યું. એક વિચિત્ર દુર્ગંધ ત્યાં ફેલાઈ ગઈ. સૌએ નાક બંધ કર્યું. બોક્ષ ખોલીને જોયું તો તેમાં રાયકાભાઈના અસલી કપડાં હતાં. રાયકાભાઈએ ઘણી જ નમ્રતાથી કહ્યું, આ મારો વાસ્તવિક પોશાક છે. અહીં હું પ્રતિદિન આવું છું અને આ કપડાંને જોઈને પોતાની વાસ્તવિકતાનું સ્મરણ કરી લઉં છું. આ મારું જૂનું વસ્ત્ર જ મારો ગુરુ છે. જે મને મારા સાચા સ્વરૂપની યાદ અપાવે છે. અન્ય અધિકારીઓનાં મુખ ફીકાં પડી ગયાં. મહારાજે રાયકાભાઈની પીઠ થાબડીને અભિનંદન અને ધન્યવાદ કર્યાં. આજે પણ કડી ગામની નજીક બે સ્મૃતિભવન બનેલાં છે. એક રાયકાભાઈની સ્મૃતિમાં અને બીજું એમના ગુરુએ કપડાંની સ્મૃતિમાં. ॥**ઓમશાંતિ**॥

# ચિંતનિકા

શુભચિંતક બનીને ખુશીની, સહારાની, હિંમતની પાંખોની, ઉમંગ-ઉત્સાહની પ્રાપ્તિ કરાવો, પોતાની શુભભાવનાથી, સ્નેહથી, શક્તિથી, મીઠા બોલથી, ઉત્સાહથી નાસીપાસ થયેલાંઓને શક્તિવાન બનાવવાની સેવા કરો. પડતા ઉપર પાટું મારો નહીં. એમને ઊંચે લઈ જાઓ. નબળાઈ જોવા છતાં ન જુઓ, ઉમંગ આપો, સહયોગ આપો.

જે જીવનની દોડમાં આગળ જવા ઈચ્છે છે, એમણે કદી થોભવું નહીં. જો એક વાર અટકી ગયા તો તમારી જીવનરૂપી ગાડી લેઈટ (મોડી) થતી જ જશે, તમને અટકાવનારા તો ઘણા આવશે પણ તમે આગળ વધતા જ જશો, તો તમને અટકાવનારા સ્વયં અટકી જશે. આગળ વધનારાઓને કોઈ રોકી શકતું નથી. મનુષ્ય પોતાની કમજોરીઓને (નબળાઈઓ) કારણે જ અટકી જાય છે. આત્મવિશ્વાસનો અભાવ, બાબા (પરમાત્મા)માં વિશ્વાસનો અભાવ, પોતાનાં પુણ્યકર્મોનો અભાવ - આને કારણે જ કોઈ આ દોડમાં અટકી જાય છે. તમારો હાથ તો ભગવાને પકડ્યો છે. તમને કોઈ રોકી ના શકે.

જેને એક શિવબાબા સાથે સાચો પ્રેમ હશે, એનો ઈશ્વરીય પરિવાર સાથે પણ અવશ્ય પ્રેમ હશે. જે બીજાઓને પ્રેમની દૃષ્ટિથી જુએ છે એના પર પણ સર્વની પ્રેમ દૃષ્ટિ પડે છે. પરંતુ જે મનુષ્ય પ્રેમ આપવાનું તો જાણતો નથી અને પ્રેમની બહુ ઈચ્છા રાખે છે એની કામના કદી પૂર્ણ થતી નથી. પ્રેમ માંગો નહીં, અધિકારી બનો. નમ્ર બનો તથા નિરહંકારી બનો. બાબાના સાચા સેવાધારી બનો. પવિત્રતાને ધારણ કરો તો પ્રેમ પડછાયાની જેમ તમારી પાછળ પાછળ આવશે.

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

# યોગ અનુભવનો વિષય છે

**બ્ર.કુ. અનુજ, દિલ્હી**

આપણે જ્ઞાનમાં ચાલી રહ્યા છીએ તો સૌને યોગનો અનુભવ હશે એનું કદી વર્ણન કર્યું નથી એની કદી પરિભાષા આપી નથી. એનું કદી મૂલ્યાંકન કર્યું નથી. કહેવાનો મતલબ એ છે કે જ્યાં આત્મા, પરમાત્માનો અનુભવ કરવા ઈચ્છે છે, તે સ્વયંના મૂળ ગુણને આધારે કારણ કે આત્માના મૂળ ગુણો શાંતિ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન, શક્તિ, આનંદ વગેરે છે. પરમાત્મા આ સર્વ ગુણોના સાગર છે.

પરમાત્મા આપણને એક વાત શીખવાડે છે અને કહે છે કે હું જ્ઞાનનો સાગર છું, શાંતિનો સાગર છું, પ્રેમનો સાગર છું. તો તમારે પ્રેમના સાગર સાથે જોડાવવા માટે ઝીરો બનવું પડશે. ઝીરો અર્થાત્ જેની અંદર વિશાળ દિલ, વિશાળ હૃદય હોય. મતલબ ઝીરો પરસેન્ટ પણ કોઈની સાથે અણબનાવ ન હોય, ખરાબ ન હોય, સર્વ કાંઈ પરફેક્ટ હોય.

એ રીતે પરમાત્મા આપણને કહે છે ઝીરો બનો. જેટલા આપણે ઝીરો બનતા જઈશું એટલે પરમાત્માના હિસાબથી આપણે અનુભવ કરતા જઈશું. અને એ જે યોગનો અનુભવ થશે તે દુનિયાના અનુભવથી બિલકુલ દૂર લઈ જશે તો સમજવાની વાત છે કે આ દુનિયાની કોઈપણ ચીજજમાં, ક્યાંય પણ, કંઈ પણ અભિપ્રાય આપવા માટે જવાબદાર નથી. કારણ કે આ પ્રકૃતિ અને પુરુષનો ખેલ છે. અહીં જે બની રહ્યું છે તે સૌ સ્વાભાવિક છે. એના વિશે વિચારવું, એના વિશે પોતાની બુદ્ધિનો નિર્ણય આપવો એ વાતનો અમલ કરવો એ આપણા ક્ષેત્રમાં નથી.

એટલે શિવબાબા આપણને રોજ મુરલીમાં શીખવાડે છે કે દેહ અભિમાન છોડો દેહી અભિમાની બનો. દેહી અભિમાની આત્માને પરમાત્મા સિવાય કંઈ યાદ આવશે નહીં. કારણ કે તે સ્વયંમાં પરિપૂર્ણ બની જશે. આત્મા પોતાની અવસ્થાથી બહાર ત્યાં સુધી રહેશે જ્યાં સુધી શરીરને મુક્ત કરશે નહીં.

એટલે આપણને પરમાત્માની અનુભૂતિ ત્યારે જ સારી લાગશે કે જ્યારે આપણે અનુભવી શકીશું કે આપણે માત્ર ઝીરો હોઈશું. જેનું સર્વ કાંઈ બેલેન્સ છે તે પરમાત્માને બેલેન્સ બનાવવા માટે મદદ કરશો. એટલે શિવ પરમાત્માની શક્તિ પોતાનામાં લાવવા માટે રોજ ઝીરો બનવાનો અભ્યાસ વધારવો પડશે. ત્યારે આપણે એ અનુભૂતિમાં ખોવાઈ જઈશું.

॥ ઓમશાંતિ ॥

**શબ્દાવલી ભાગ - ૯ના જવાબોવાળું કોષ્ટક**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 પ્ર | જા | પિ | 2 તા | | 3 વ | | 4 ન | ય | ન |
| સ | | | 5 જ | ગ | ત | 6 પિ | તા | | |
| ન્ન | | | પો | | 7 ન | તા | સં | | 8 ક |
| ચિ | | 9 આ | શી | 10 ક | | શ્રી | | 11 પ | લ |
| ત | | દી | | 12 રા | 13 મ | | 14 નિ | રો | ગી |
| | 15 સ્વ | દે | શ | | 16 ક | 17 લ્પ | વૃ | ક્ષ | |
| 18 રા | ધ | વ | | 19 બ | ર | ક | ત | | 20 આં |
| 21 મ | ર્મ | | 22 અ | | સં | | | 23 અ | બ |
| રા | | | ર | | ક્રાં | | | 24 મા | લા |
| જય | | 25 પુ | ણ્ય | સ્મૃ | તિ | દિ | વ | સ | |

# સુખી જીવન માટેના ઉપાય

બ્ર.કુ. મધુબેન, બાંટવા

આપણા જીવનમાં જે વીતી ગયું છે. એ વિચારવાનું બંધ કરીએ, જે થઈ ગયું છે તે થઈ ગયું. વીતેલી વાતોનું ચિંતન ના કરીએ, ન કોઈ પાસે વર્ણન કરીએ. વર્તમાનમાં એટલું સુંદર રીતે જીવન જીવીએ જે આપણા જીવનની યાદગાર બની જાય. આપણું વર્તમાન શ્રેષ્ઠ છે. તો ભવિષ્ય શ્રેષ્ઠ બની જ જશે. ગીતાનો સાર યાદ રાખીએ.

જો હો રહા હૈ અચ્છા હો રહા હૈ, જો હુઆ અચ્છા હુઆ, જો હોગા વો અચ્છે સે અચ્છા હોગા

બીજાનાં જીવન સાથે આપણા જીવનની ભેટ ન કરીએ, મને જે મળ્યુ છે મારા કર્મ પ્રમાણે મારા નસીબનું મળ્યું છે, જે છે તેમાં ખુશ રહીએ, સંતુષ્ટ રહીએ અને સર્વને સંતુષ્ટ કરીએ.

સદા ખુશ રહીએ, ખુદને ખુશ રાખવું, એ આપણી જવાબદારી છે. કોઈ મને ખુશી આપે કે ન આપે મારે બધાને ખુશી આપવી છે. બસ જીવનમાં સદા સુખી રહેવું હોય તો દેવાનું કામ કરીએ. જીંદગી એક પ્રતિધ્વની છે. હું જે આપીશ તે મને મળશે. મારે મારા મન, વાણી, કર્મથી બધાને સુખ આપવું છે એવી ભાવના અંદરમાં જાગૃત કરીએ. હું કોઈને ખુશી આપીશ તો મને ખુશી મળશે, હું કોઈને સુખ આપીશ તો મને સુખ મળશે.

એક સુખી જીવન બનાવવા માટે આત્મા નિર્ભર હોવું જરૂરી છે. કોઈ બીજા ઉપર આધારિત ન રહિએ. બીજાના સુખ છીનવવાનો પ્રયાસ ન કરીએ. ખુદ આત્મ વિશ્વાસ રાખી એક સુખી સફળ જીવન બનાવવા માટે ખૂબ મહેનત કરીએ. જીવનમાં સફળતાનો મૂળ મંત્ર છે, 'કાર્યશીલ રહો, સફળતા સ્વયં મળશે.'

લોકો મારા માટે શું વિચારે છે. તેના ઉપર ધ્યાન ન આપીએ, મારે શું કરવાનું છે. તેના પર ધ્યાન આપીએ.

આપણા સ્વાસ્થ્ય પર ધ્યાન આપીએ એના માટે શુદ્ધ સાત્વિક ભોજન કરીએ. નિયમિત રૂપે વ્યાયામ કરીએ, જરૂર પુરતી નીંદર કરીએ ટેન્શનથી મુક્ત રહીએ.

નકારાત્મક અથવા વ્યર્થ વાતોથી દૂર રહીએ, સંગની સંભાળ રાખીએ, વ્યર્થ અથવા ખોટી ખરાબ નકારાત્મક વાતોથી દૂર રહીએ કારણ આવી વાતો આપના જીવનની ખુશી અને સંતુષ્ટતાને ખતમ કરી દે છે.

આપણે ખુદ સ્વયંનું નિરિક્ષણ કરીએ કે મારામાં શું કમી છે. તેને ખુદ સ્વીકાર કરી તેને પરિવર્તિન કરવાનો પૂરો પ્રયાસ કરીએ કહેવાય છે સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન.

રોજ સ્વયં માટે સમય કાઢીએ આત્મ ચિંતન કરીએ પરમાત્મા શિવનું ધ્યાન કરીએ. મેડિટેશન કરીએ, સદા એ વિચારો કે મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે તેના માટે મારે શું કરવું જોઈએ.

જે પણ સ્થિતિ યા પરિસ્થિતિ છે. તેનો સ્વીકાર કરીએ અગર ઠીક નથી તો સમય પર છોડી દઈએ. સમય સ્વયં બધું ઠીક કરી દેશે. માટે રિલેક્ષ રહીએ. સમસ્યામાં ઉલઝતા ન રહીએ. સમાધાન સ્વરૂપ રહેવાનો પ્રયત્ન કરીએ.

ઘણી ચીજો એવી છે કે જેની નજીક જવાથી મળી જાય છે. જેવી રીતે અગ્નિની સમીપ જવાથી ગરમી મળે છે. બરફની સમીપ જવાથી શીતળતા મળે છે. અને ફૂલોની સમીપ જવાથી ખુશ્બુ મળે છે.

એ જ રીતે ઈશ્વરની સમીપ રહીએ, ઈશ્વરની સાથે સંબંધ બનાવીએ, ઈશ્વરને યાદ કરીએ તો તે આપણી બધી મનોકામના પુરી કરશે, ક્યારેય માંગવાની જરૂર નહી પડે.

મારું જીવન કેવું બનાવવું એ મારા હાથમાં છે. હું સ્વતંત્ર છું. શ્રેષ્ઠ જીવન કે સાધારણ જીવન કે પછી કનિષ્ક જીવન.

કહે છે કે શાંતિ જેવી કોઈ તપસ્યા નથી. સંતોષથી વધારે કોઈ સુખ નથી, દયાથી વધારે કોઈ ધર્મ નથી. - દયા ધર્મ કા મૂલ હે, પાપ મૂલ હી અભિમાન, તુલસી દયા ન છાડીએ, જબતક તનમેં હે પ્રાણ. શાંતિ, સંતોષ, દયા એજ સુખી જીવનનો આધાર છે.

હરેક આત્મા પ્રતિ શુભ ભાવના, શુભ કામના રાખીએ, કોઈની ઈર્ષા ન કરીએ, દુઆ આપીએ, તો આપણે જરૂર સુખી થઈશું.

સદા એ વિચારીએ મારે શાંતિથી જીવન પાસ કરવું છે. શાંતિથી રહેવું છે. મારે અશાંત નથી થવું. મારે અશાંત કોઈને કરવા નથી. જીવનમાં આવતી નાની મોટી પરિસ્થિતિને શાંતિથી પાર કરવી છે. સદાએ યાદ રાખો, મારા આત્માનો સ્વધર્મ શાંતિ છે. હું આત્મા શાંતિ ધામની નિવાસી છું. શાંતિનાં સાગર પરમાત્મા શિવની સંતાન છું.

**॥ ઓમશાંતિ ॥**

## સંગમ

**બ્ર. કુ. જૂનાગઢ**

વહેતાજાય સમયના સંભારણા,
નહિ મળે સંગમના સહેલ,
ઘડીકની આ ક્ષણને બનાવી દે,
કલ્પની મોટી ઉજવણી,
વટ ને વાંધામા ૬૩ જન્મ વિતાવ્યા,
હીરા જેવો જન્મ જીવીલે,
હાથમાં હતું હેતને, જીવતા નફરતથી,
ક્યાંક અફસોસ ન રહી જાય સંગમનો,
ઈશ્વર સાથે હતોને,
ફંગોળાતો આ નશ્વર દુનિયામાં,
કેવી મજાની મીઠી સમજણ,
સેર કરું ત્યાં ખીલી ઉઠે સૌ,
તન જુદા, મન જુદા,
છતાય અહેસાસ મારાપણાનો,
એતો હદયનો મોટો રાજીપો,
મહાદેવ મળ્યો મને,
ડીસેમ્બરની ડીશમાં
શુદ્ધ સંકલ્પનું ભોજન ખાઈને,
જાન્યુઆરીમાં નિરાંતને
સંપન્નતાનો હાશકારો,
ખુદ ખુશને ખુદા પણ ખુશ,
આ અમુલ્ય નઝારો સંગમનો.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલી ભાગ – ૬૨ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. જ્ઞાનના ચિંતનના આધારે આપના જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. આ અંકમાં જ અંદરના પાનામાં ભાગ – ૬૨ના જવાબો મળશે. આ સાથે નીચે ભાગ – ૬૧ના જવાબો આપેલ છે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૬૨

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | 2 | ■ | 3 | ■ | 4 | | |
| | ■ | ■ | 5 | | | 6 | | ■ | ■ |
| | ■ | ■ | | ■ | 7 | | | ■ | 8 |
| | ■ | 9 | | 10 | ■ | | ■ | 11 | |
| | ■ | | ■ | 12 | 13 | ■ | 14 | | |
| ■ | 15 | | | ■ | 16 | 17 | | | ■ |
| 18 | | | ■ | 19 | | | | ■ | 20 |
| 21 | | ■ | 22 | ■ | | ■ | ■ | 23 | |
| | ■ | ■ | | ■ | | ■ | ■ | 24 | |
| | ■ | 25 | | | | | | | ■ |

### શબ્દાવલી ભાગ - ૬૧ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 ક્રિ | સ | 2 મ | 3 સ | ■ | 4 સં | ત | 5 રી | દા | દી |
| ષ્ન | ■ | 6 ન | વ | યુ | ગ | ■ | વ | ■ | ■ |
| ■ | ■ | 7 જી | લ | ■ | 8 મ | 9 સુ | ર | દા | ળ |
| ■ | 10 સ | ત | ત | ■ | 11 યુ | ગ | ■ | ■ | ■ |
| 12 અ | વા | જ | ■ | 13 અ | ગ | ર | 14 બ | ત્તી | ■ |
| ■ | 15 ર | ગ | ■ | મ | ■ | ■ | ર | ■ | 16 જ્ઞા |
| 17 આ | ■ | ત | ■ | 18 દા | ળ | 19 પ | ક | વા | ન |
| 20 શિ | વ | જી | ■ | વા | ■ | 21 રી | ત | ■ | સા |
| ર્વા | ■ | 22 ત | 23 ક | દી | 24 ર | ■ | ■ | 25 જા | ગ |
| 26 દ | યા | ■ | લા | ■ | વિ | ■ | ■ | 27 દૂ | ર |

### આડી ચાવીઓ

૧. બ્રહ્માબાબા (૪)
૫. શિવ (૫)
૭. ઊભી ચાવી નં–૪ લખો (૩)
૯. ફીદા (૩)
૧૧. સેકન્ડ (૨)
૧૨. મર્યાદા પુરૂષોત્તમ (૨)
૧૪. તંદુરસ્ત (૩)
૧૫. પોતાનો દેશ (૩)
૧૬. ઈચ્છાપૂર્ણ કરનાર વૃક્ષ (૪)
૧૮. રામ (૩)
૧૯. ધનની વૃધ્ધિ (૪)
૨૧. રહસ્ય (૨)
૨૩. ..... નહી તો કબ નહી (૨)
૨૪. હાર (૨)
૨૫. બ્રહ્માબાબાનો અવ્યક્ત દિવસ (૭)

### ઊભી ચાવીઓ

૧. ખુશ (૫)
૨. રાજ્યાભિષેક (૪)
૩. પરમધામ (૨)
૪. સંતાન ઉલ્ટું લખો (૩)
૬. બ્રહ્માબાબા (૩)
૮. મોરના માથે ..... હોય (૩)
૯. સૃષ્ટિના પ્રથમ માનવી (૩)
૧૦. બરફના ટુકડા (૨)
૧૧. ગેરહાજર (૩)
૧૩. ઉતરાયણ (૬)
૧૪. રિટાયર્ડ (૩)
૧૫. મારો ધર્મ (૩)
૧૭. કલ્પ શબ્દને ઉલટો લખો (૨)
૧૮. સતયુગ (૪)
૨૦. આમળા શબ્દને હિન્દીમાં લખો (૩)
૨૨. જંગલ (૩)
૨૩. એક તિથી (૩)




વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા પારૂલ યુનિવર્સીટી સાથે MOU થયા બાદ સમુહચિત્રમાં વાઈસ પ્રેસિન્ડેન્ટ ડૉ. ગિતિકાબેન, બ્ર.કુ. બાલાકિશોરભાઈ, બ્ર.કુ. પરીતાબેન તથા અન્ય મહાનુભાવો.



વડોદરા અટલાદરામાં ‘શાંતિ સંદેશ યાત્રા’ના શુભારંભે BJPના પ્રમુખ ડૉ. જયપ્રકાશભાઈ સોની, ડેપ્યુટી મેયર ભ્રાતા ચિરાગભાઈ સોની, BBN ન્યુઝ ચેનલના ભાવિસાભાઈ, બ્ર.કુ. અરૂણાબેન.



સુરત વરાછા ખાતે ‘અલવિદા તનાવ’માં બ્ર.કુ. પુનમબેન, હરેકૃષ્ણ એક્સપોર્ટ કે માલિક ભ્રાતા હિંમતભાઈ ધોળકીયા, અર્પિત મૂર્તિભંડારના માલિક ભ્રાતા દુલર્ભભાઈ, સામાજીક અગ્રણી કિશોરભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન.



ભાવનગર ખાતે આયોજીત ‘માર્ગ અકસ્માતના મૃતકોને શ્રધ્ધાંજલી’ કાર્યક્રમમાં બ્ર.કુ. તૃપ્તિબેન, ટ્રાફિક PI ભ્રાતા એચ.જી. કાંથારિયા, RTO ભ્રાતા ડી.એ. દેસાઈ તથા અન્ય મહાનુભાવો.



કચ્છ મુન્દ્રા ખાતે AWL એગ્રી બિઝનેસમાં સંદેશ આપ્યા બાદ સમુહચિત્રમાં પ્લાટહેડ નરેન્દ્રભાઈ યાદવ, HR મેનેજર રઘુવીરભાઈ ગોહિલ, બ્ર.કુ. સુશીલાબેન, બ્ર.કુ. આમોદભાઈ તથા અન્ય સ્ટાફ.



વડોદરા માંજલપુરમાં ‘મેરેથોન સાડી ગૌરવ રન’ કાર્યક્રમ બાદ સમુહચિત્રમાં વડોદરા મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ IAS, બ્ર.કુ. ધીરજબેન તથા અન્ય બ્રહ્માકુમારી બહેનો.



બાંટવામાં ‘બિલીયન મિનિટ ઑફ પીસ અપીલ’ના શુભારંભમાં બ્ર.કુ. મધુબેન, ડૉક્ટર રામચંદ્રાણીભાઈ, રાજપુત સમાજના આગેવાન ભ્રાતા બાલુભાઈ, પુરૂષોત્તમભાઈ પટેલ, રાજુભાઈ ગોધાણી.




ખેડા ખાતે ‘યોગ સંવાદ’ કાર્યક્રમમાં ‘બિલીયન મિનિટ ઑફ પીસ’ પર સમજ આપતાં બ્ર.કુ. દક્ષાબેન, MLA ભ્રાતા કલ્પેશભાઈ, યોગ સંયોજીકા પિંકીબેન, નગરપાલિકા પ્રમુખ જોત્સનાબેન.

## બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનની ઈશ્વરીય સેવાનાં 'હીરક જંયતિ' મહોત્સવની અવિસ્મરણીય ઝલક.







બ્રહ્માકુમારીઝ ગુજરાતના 'હીરક જંયતિ' પ્રસંગે મંચસ્થ મહાનુભાવો સહમુખ્ય પ્રશાસિકા રાજયોગિની જયંતિબેન, ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, આફ્રિકાના ડાયરેક્ટર બ્ર.કુ. વેદાંતીબેન, સેક્રેટરી જનરલ બ્ર.કુ. કરૂણાભાઈ સાથે દિપ પ્રજવલ્લન કરતાં ગુજરાતના મુખ્ય બહેનો. સપ્તરંગી મૂલ્યો સભર આધ્યાત્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તૃતિ કરતા કલાકારો. 'વિશ્વ ધ્યાન દિવસે' ધ્યાનાભ્યાસ કરાવતા કમલાસનધારી બ્રહ્માકુમારી બહેનો તથા વિશાળ સભામાં ઉપસ્થિત શાંતિદુત બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com